પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ ● અંક : ૦૧ ● કુલ પાના : ૪ ● તારીખ : ૨૨-૦૮-૨૦૨૩ મંગળવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦


## ચંદ્રયાન-૩માં કોઈ ખામી સર્જાશે તો પણ ચંદ્ર પર સુરક્ષિત લેન્ડિંગ કરશે

# ચંદ્રયાન ૨માંથી શીખેલા પાઠમાંથી ચંદ્રયાન ૩ સફળ યાત્રા કરી રહ્યું છે : ઈસરોના પૂર્વ ડિરેક્ટર કે સિવન

નવીદિલ્હી,

રશિયાનું ચંદ્ર મિશન નિષ્ફળ ગયું છે. ચંદ્ર પર ઉતરાણ દરમિયાન લુના-૨૫ ક્રેશ થયું હતું, પરંતુ ભારતનું ચંદ્રયાન -૩ દરેક ક્ષણે ચંદ્રની સપાટી તરફ આગળ વધી રહ્યું છે. ભારતીય વૈજ્ઞાનિકોને સંપૂર્ણ ખાતરી છે કે ચંદ્ર પર સુરક્ષિત ઉતરાણ નિશ્ચિત છે. આ પહેલા ઈસરોના ચીફ એસ સોમનાથ પણ દાવો કરી ચૂક્યા છે કે વિક્રમ લેન્ડર સુરક્ષિત લેન્ડિંગ બાદ જ ચંદ્ર પર રહેશે. જોકે, તેણે લેન્ડિંગ દરમિયાન છેલ્લી ૧૫ મિનિટને ખૂબ જ મહત્વપૂર્ણ ગણાવી હતી. હવે એક એરોસ્પેસ વૈજ્ઞાનિકે એવો પણ દાવો કર્યો છે કે ચંદ્રયાન-૩ કોઈપણ સંજોગોમાં ચંદ્ર પર સુરક્ષિત ઉતરાણ કરશે. તેમણે કહ્યું કે ચંદ્રયાન-૨ની નિષ્ફળતા બાદ ઘણા સુધારા કરવામાં આવ્યા છે.

ચંદ્રયાન-૩ ના વિક્રમ લેન્ડરમાં એક ઈનબિલ્ટ "રેસ્ક્યુ મોડ" છે જે કોઈ ગરબડીમાં તેને ઉતરવામાં મદદ કરશે," બેંગ્લોરના ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સના ડિપાર્ટમેન્ટ ઑફ સાયન્સના એરોસ્પેસ સાયન્ટિસ્ટ પ્રોફેસર રાધાકાંત પાધીએ જણાવ્યું કે, 'એમાં કોઈ શંકા નથી, કે વિક્રમ ચંદ્ર પર સુરક્ષિત ઉતરશે. તેમણે કહ્યું કે ચંદ્રયાન-૨ની નિષ્ફળતા બાદ ઘણા સુધારા કરવામાં આવ્યા છે. રાધાકાંત પાધી ચંદ્રયાન ૨ અને ચંદ્રયાન-૩ બંનેના પ્રક્ષેપણમાં સામેલ છે. ભારતીય વિજ્ઞાન સંસ્થાન, બેંગ્લોરનો એરોસ્પેસ વિભાગ પણ ચંદ્ર મિશનમાં યોગદાન આપી રહ્યું છે.

રાધાકાંત પાધીએ કહ્યું કે તેમને વિશ્વાસ છે કે લેન્ડર સફળ થશે. તેમણે કહ્યું કે ચંદ્રયાન-૩ છ "સિગ્મા સીમા" માટે રચાયેલ છે, તેથી તે વધુ મજબૂત છે. પ્રોફેસર પાધીએ કહ્યું, "ચંદ્રયાન-૩નું તણાવ પરીક્ષણ કરવામાં આવ્યું છે, ઈસરોએ તમામ જાણીતા અને અજાણ્યા પરિબળોનું ધ્યાન રાખ્યું છે."

તેમણે ધ્યાન દોર્યું કે પૃથ્વી પર ચંદ્રની સ્થિતિનું અનુકરણ કરવું અશક્ય છે, તેમ છતાં વિક્રમ લેન્ડર શ્રેષ્ઠ ઉતરાણ સ્થળની શોધ માટે જોખમની તપાસ કરી શકે છે. "વિક્રમ લેન્ડર પાસે બે ઓન-બોર્ડ કોમ્પ્યુટર છે, જ્યારે, ચંદ્રયાન-૨ પાસે માત્ર એક જ હતું," તેમણે ઉમેર્યું હતું કે, તેમને "૯૯.૯%" વિશ્વાસ છે કે વિક્રમ લેન્ડર અપેક્ષા મુજબ પ્રદર્શન કરશે.



ભારતના મૂન મિશન ચંદ્રયાન-૩ને લઈને ઈસરોના પૂર્વ ડિરેક્ટર કે સિવનનું એક નિવેદન સામે આવ્યું છે. તેમણે ચંદ્રયાન ૩ ની સફળ યાત્રાની પાછળ ચંદ્રયાન ૨માંથી શીખવેલો પાઠ ગણાવ્યો છે. તેમણે જણાવ્યું કે, સ્પેસક્રાફ્ટ ખૂબ જ સારી રીતે કામ કરી રહ્યું છે. મિશનની સફળતા માટે અમે જે બદલાવ કર્યા છે, તે ઘણા લાભદાયક છે.

ઈસરોના પૂર્વ ડિરેક્ટર કે સિવને વધુમાં જણાવ્યું કે, 'છેલ્લી લેન્ડિંગ પ્રક્રિયા પછી અમે જે ડેટા જોયા તેના આધારે આ મિશનમાં સુધારાત્મક ઉપાય કરવામાં આવ્યા છે. અમે જે સુધારા કર્યા હતા તેના કરતાં વધુ મેળવ્યા છે. જ્યાં પણ માર્જિન ઓછું છે, અમે તે માર્જિનને વધાર્યા છે. ચંદ્રયાન ૨માંથી અમે જે પાઠ શીખ્યા છે તેના આધાર પર સિસ્ટમ વધુ મજબૂતાઈ સાથે આગળ વધી રહી છે.'

## આ પહેલા ચંદ્રયાન ૧, ચંદ્રયાન ૨ અને હવે ચંદ્રયાન ૩માં પણ અમદાવાદના ઈસરો સેન્ટરનું નોંધપાત્ર યોગદાન છે

ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ઈસરો)નું ચંદ્રયાન-૩ બુધવાર ૨૩ ઓગસ્ટના રોજ ચંદ્ર પર લેન્ડ થવાનું છે. આ સ્પેસક્રાફ્ટ ૨૩ ઓગસ્ટે સાંજે ૬.૦૪ કલાકે ઉતરશે. જેને લઈને સમગ્ર વિશ્વની નજર તેના પર ટકેલી છે. ઈસરોના જણાવ્યા પ્રમાણે, સ્પેસક્રાફ્ટનું લેન્ડર મોડ્યુલ અંતિમ ડીબૂસ્ટિંગની સાથે ચંદ્રની સૌથી નજીકની ભ્રમણકક્ષામાં પહોંચી ગયું છે.

હવે ઈસરોએ ચંદ્રયાનને લઈને મોટું અપડેટ આપ્યું છે. ઈસરોના વૈજ્ઞાનિક આ વાતને લઈને સંપૂર્ણ આશ્વસ્ત છે કે ભલે કોઈ પણ ગડબડી કેમ ન થાય પરંતુ યાનનું ચંદ્ર પર સફળતાપૂર્વક લેન્ડિંગ થઈને જ રહેશે. પહેલા ઈસરો ચીફ એસ સોમનાથ અને પછી ચંદ્રયાન ૨ અને ૩ના લોન્ચિંગ સમયે ઈસરોના સહયોગી રહી ચૂકેલા એરોસ્પેસ વૈજ્ઞાનિક પ્રોફેસર રાધાકાંત પાધીનો પણ દાવો છે કે ચંદ્રયાન-૨ની અસફળતા બાદ ઈસરોએ ખુબ સુધાર કર્યો અને ચંદ્રયાન-૩ને એ રીતે બનાવવામાં આવ્યું છે કે તે સફળતાપૂર્વક લેન્ડિંગ કરીને જ લેશે.

ઈસરોએ જણાવ્યું કે ચંદ્રયાન-૨ના ઓર્બિટર સાથે ચંદ્રયાન-૩નું સફળતાપૂર્વક સંપર્ક પ્રસ્થાપિત થઈ ગયો છે. ચંદ્રયાન ૨ના ઓર્બિટરે યાન-૩નું સ્વાગત કર્યું છે. બંને વચ્ચે બેતરફી સંવાદ થયો છે. ઈસરોએ આ સાથે જ ચંદ્રયાન-૩ની ચંદ્ર પર લેન્ડિંગ અંગે લેટેસ્ટ અપડેટ પણ આપ્યું. અત્રે જણાવાનું કે રવિવારે સવાર સુધીમાં ચંદ્રયાન ૩ની ચંદ્રની સપાટીથી અંતર માત્ર ૨૫ કિમી દૂર હતું. ચંદ્રયાન ૩ ચંદ્રની ચારેબાજુ ચક્કર મારતું તેની વધુ નજીક જઈ રહ્યું છે.

ઈસરોએ ૨૧ ઓગસ્ટના રોજ ચંદ્રયાન ૩ના લેન્ડિંગ પર તાજા અપડેટ આપી. કહેવામાં આવ્યું છે કે લેન્ડિંગનો સમય ૨૩ ઓગસ્ટના રોજ સાંજે ૬.૦૪ વાગ્યાનો રાખવામાં આવ્યો છે. આ સમયે યાનને ચંદ્રની સપાટી પર સુરક્ષિત અને સોફ્ટ લેન્ડિંગ કરાવવાની કોશિશ કરાશે. ઈસરોએ એમ પણ જણાવ્યું કે લેન્ડિંગની ઈવેન્ટનું સીધુ પ્રસારણ સ્થાનિક સમય મુજબ સાંજે ૫.૨૦ મિનિટથી શરૂ થશે. અત્રે જણાવવાનું કે ભારત ભરમાં ઈસરોના કુલ ૨૧ સેન્ટરો કાર્યરત છે. જેમાં અમદાવાદમાં આવેલું ઈસરોનું સ્પેસ એપ્લિકેશન્સ સેન્ટરની કામગીરી બધા સેન્ટરોમાં વિશેષ રહી છે. અમદાવાદના ઈસરોના આ સેન્ટરમાં રિમોટ સેન્સિંગ સેટેલાઈટ, કોમ્યુનિકેશન સેટેલાઈટ અને નેવિગેશન સેટેલાઈટને લઈને જબદસ્ત કામગારી થઈ છે. આ ઉપરાંત આ પહેલા ચંદ્રયાન ૧, ચંદ્રયાન ૨ અને હવે ચંદ્રયાન ૩માં પણ અમદાવાદના ઈસરો સેન્ટરનું નોંધપાત્ર યોગદાન છે. સેન્ટર દ્વારા ઉપલબ્ધ માહિતી મુજબ ચંદ્રયાન ૩માં અમદાવાદના સ્પેસ એપ્લિકેશન સેન્ટર દ્વારા કુલ ૧૧ પ્રણાલીઓમાં કામગીરી થઈ હતી. જેમાં લેન્ડિંગ સાઈટના સિલેક્શનમાં પણ મહત્વનો ફાળો છે. મળતી માહિતી મુજબ ગત વખતે ચંદ્રયાન ૨ જ્યાં લેન્ડિંગ કરવાનું હતું ત્યાં જ ફરીથી લેન્ડિંગ કરાવવામાં આવશે. આ માટે વિસ્તાર પણ નક્કી છે. ચોક્ક્સ પોઝિશન પર વિક્રમ લેન્ડરને સ્થાપિત કરાશે.

# ગુજરાત ગેસે ભાવમાં વધારો કર્યો, નવા ભાવ આજથી લાગુ

અમદાવાદ,

ગુજરાત ગેસ લિમિટેડે ઔદ્યોગિક ગેસના ભાવમાં રૂ. ૨.૪૦નો વધારો કર્યો છે. આ કારણે હવે તેની કિંમત હાલના રૂ. ૩૮.૪૩ પ્રતિ સ્ટાન્ડર્ડ ક્યુબિક મીટરથી વધીને રૂ. ૪૦.૮૩ પ્રતિ scm થઈ ગઈ છે. રિપોર્ટ અનુસાર, સ્પોટ લિક્વિફાઈડ નેચરલ ગેસના ઊંચા ભાવને કારણે કિંમતોમાં વધારો થયો છે. નવી કિંમતો આજથી ૨૧ ઓગસ્ટથી લાગુ થઈ છે

સતત પાંચ વાર ભાવ ઘટાડા બાદ ગુજરાત ગેસે હવે ૨૦૨૩માં ભાવ વધાર્યા છે. વર્ષની શરૂઆતમાં ઔદ્યોગિક ગેસના દર રૂ. ૪૭.૯૩ એસસીએમ હતા. ગુજરાત ગેસે ૨૦૨૩માં પાંચમી વખત કિંમતમાં ઘટાડો કર્યા બાદ મે મહિનામાં કિંમત ઘટીને રૂ. ૩૮.૪૩ પ્રતિ સેમી થઈ ગઈ હતી. ગુજરાત ગેસે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં કોન્સોલિડેટેડ નેટ પ્રોફિટમાં વાર્ષિક ધોરણે ૪૩.૪ ટકાનો ઘટાડો નોંધાવ્યો છે જે રૂ. ૨૧૬ કરોડ થયો છે. કંપનીએ કયુ૧એફવાય૨૪માં રૂ. ૪૧૨.૭૧ કરોડનો ઈબીઆઈટીડીએ નોંધાવ્યો હતો જે ગયા વર્ષના સમાન સમયગાળામાં રૂ. ૬૨૬.૩૯ કરોડ હતો.

ગુજરાત ગેસે જણાવ્યું હતું કે ક્વાર્ટર માટે તેનું કુલ ગેસ વેચાણ વોલ્યુમ ૯.૨૨ મિલિયન મેટ્રિક સ્ટાન્ડર્ડ ક્યુબિક મીટર પ્રતિ દિવસ હતું, જે અગાઉના ક્વાર્ટરમાં ૮.૮૬ mmscmd હતું. ઔદ્યોગિક વોલ્યુમ અગાઉના ક્વાર્ટર કરતાં ૧૦ ટકા વધીને ૫.૮૮ એમએમએસસીએમડી પર પહોંચી ગયું છે. ૧૮ ઓગસ્ટના રોજ એનએસઈ પર ગુજરાત ગેસનો શેર ૦.૩૬ ટકાના ઘટાડા સાથે રૂ. ૪૫૨.૫૫ પર બંધ થયો હતો.

ગુજરાત ગેસે ચોથા ક્વાર્ટરના પરિણામો જાહેર કર્યા છે. કંપનીનો ચોખ્ખો નફો રૂ. ૩૬૯.૨ કરોડ રહ્યો હતો. કંપનીના નફામાં થોડો ઘટાડો થયો છે જોકે પરિણામની સાથે કંપનીએ શેર દીઠ ૩૩૩ ટકા ડિવિડન્ડ પણ જાહેર કર્યું છે. તે રૂ. ૩૧૮૬૨ કરોડના માર્કેટ કેપ સાથે લાર્જકેપ કંપની છે. ૫૨ સપ્તાહનો સૌથી વધુ રૂ.૫૮૪ અને સૌથી ઓછો રૂ.૪૦૩ છે. કંપનીના શેરે એક વર્ષમાં લગભગ ૯ ટકાનું નકારાત્મક વળતર આપ્યું છે જ્યારે ત્રણ વર્ષનું વળતર ૯૦ ટકા છે.

## સોમનાથ, અમદાવાદ સહિતના અનેક શિવાલયોમાં ટૂંકા વસ્ત્રો પહેરવા પર પ્રતિબંધ

અમદાવાદ,

દેવાધિદેવ મહાદેવને અતિ પ્રિય એવો શ્રાવણ માસ ચાલી રહ્યો છે. ભક્તો રુદ્રાભિષેક-જલાભિષેક સહિતની પૂજા અર્ચના કરી ભોળાનાથને રિઝવવાનો પ્રયાસ કરી રહ્યા છે. શિવ મંદિરોમાં ભક્તોની ભારે ભીડ જોવા મળી રહી છે. આજે પવિત્ર શ્રાવણ માસનો પ્રથમ સોમવાર હોવાથી શિવાયલોમાં ભક્તોની કતાર લાગી હતી, શિવમંદિરો હર હર મહાદેવના નાદથી ગુંજી ઉઠયા હતાં ત્યારે રાજ્યના કેટલાક શિવ મંદિરોમાં ટૂંકા વસ્ત્રો પહેરીને મંદિરમાં આવવા પર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે.

ગુજરાતના કેટલાક શિવાલયોમાં ટૂંકા વસ્ત્ર પહેરીને પ્રવેશ પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. શિવ મંદિરોની બહાર બોર્ડ લગાવવામાં આવ્યા છે. જેમાં સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે ટૂંકા વસ્ત્રો પહેરી મંદિરમાં પ્રવેશ કરવો નહીં. સોમનાથ, નવસારી અને બીલીમોરા મંદિરમાં ટૂંકા વસ્ત્રો પહેરીને મંદિરમાં પ્રવેશવા પર પ્રતિબંધ મુકાયો છે. જ્યારે અમદાવાદના બિલેશ્વર મંદિરમાં પણ ટૂંકા વસ્ત્ર પહેરીને પ્રવેશ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

બીલીમોરા ખાતે આવેલા સોમનાથ મહાદેવ મંદિરની બહાર પણ પોસ્ટર લગાવવામાં આવ્યું છે. જેમાં લખેલું છે કે, 'શ્રી સોમનાથ મહાદેવ મંદિર સંકુલમાં દર્શન માટે આવતા દરેક ભાઈઓ-બહેનોને વિનંતી કરવામાં આવે છે કે ટૂંકા વસ્ત્રો જેવા કે બરમૂડા, હાફપેન્ટ, સ્કટ અને સ્લીવલેશ જેવા ટુંકા કપડા/વસ્ત્રો પહેરીને મંદિર સંકુલમાં દાખલ થવું નહીં. સહકારની અપેક્ષા.'

અત્રે ઉલ્લેખનીય છે કે, થોડા દિવસ અગાઉ જ દ્વારકા જગત મંદિરમાં પણ આવો જ નિર્ણય લેવામાં આવ્યો હતો. જગવિખ્યાત દ્વારકાધીશ જગતમંદિરમાં ટૂંકા વસ્ત્રો પહેરવા પર પ્રતિબંધ ફરમાવાયો હતો. વાત જાણે એમ છે કે, મંદિર વ્યવસ્થાન સમિતિદ્વારા ધાર્મિક ભાવના જળવાઈ રહે તે માટે ભક્તોને ધાર્મિક સંસ્કૃતિને શોભે તેવા વસ્ત્રો પહેરીને આવવાની અપીલ કરવામાં આવી હતી.

## દેશમાં વર્ષ ૨૦૨૨ માં ૧.૧૫ લાખ ભ્રષ્ટાચારની ફરિયાદો સતર્કતા આયોગને મળી

નવીદિલ્હી,

દેશમાં ભ્રષ્ટાચારને નાબુદ થતા હજુ વર્ષો લાગશે વર્ષ ૨૦૨૨ માં કેન્દ્રીય સતર્કતા આયોગ (સીવીસી) સમક્ષ ભ્રષ્ટચારની ૧.૧૫ લાખ જેટલી ફરિયાદો પહોંચી હતી. જેમાં સૌથી વધુ ગૃહ મંત્રાલયનાં કર્મચારીઓ સામે ૪૬ હજાર ફરિયાદ થઈ હતી. ૨૦૨૧ માં પણ આ વિભાગ સામે જ સૌથી વધુ ભ્રષ્ટાચારની ફરિયાદો નોંધાઈ હતી. ત્યારે આ વિભાગનાં કર્મીઓ સામે ૩૭ હજાર ૬૭૦ ફરીયાદો નોંધાઈ હતી.

આ વખતે બીજા નંબરે રેલવે અને ત્રીજા નંબરે બેક્રીંગ સેકટર રહ્યું હતું. ગત વર્ષે પણ આ બન્ને ક્ષેત્રો બીજા-ત્રીજા નંબરે હતા. કેન્દ્ર સરકારનાં બધા વિભાગો અને સંગઠનોનાં અધિકારીઓ અને કર્મચારીઓ સામે ભ્રષ્ટાચારની કુલ ૧ લાખ ૧૨ હજાર ૨૦૩ ફરિયાદો મળી હતી. કુલ ફરીયાદોમાં ૮૫ હજાર ૪૩૭ ફરિયાદોનો નિકાલ કરાયો છે. જયારે ૨૯ હજાર ૭૬૬ ફરિયાદો હજુ પણ પેન્ડીંગ છે.

રિપોર્ટ મુજબ રેલવે કર્મચારીઓ સામે ૧૦ હજાર ૫૮૦ અને બેક્ર કર્મચારીઓ સામે ૮ હજાર ૧૨૯ ફરિયાદો મળી છે.જેમાંથી કુલ ૨૯ હજાર ૯૧૯ ફરિયાદોનો નિકાલ થયો છે. ૨૨ હજાર ૭૨૪ ફરિયાદો પેન્ડીંગ છે. તો દિલ્હી સરકારનાં ૭ હજાર કર્મચારીઓ સામે ભ્રષ્ટાચારની ફરીયાદ નોંધાઈ છે. રીપોર્ટ મુજબ ૪ હજાર ૭૧૦ ફરિયાદો આવાસ અને શહેરી મામલાનાં મંત્રાલયનાં કર્મચારીઓ સામે થઈ છે.

# હિમાચલમાં હવામાનનો કહેર હજુ યથાવત, ૫ દિવસમાં ૭૮ના મોત

શિમલા,

હિમાચલ પ્રદેશમાં વરસાદને કારણે અત્યાર સુધીમાં ૭૮ લોકોના મોત થયા છે. તે જ સમયે, હવામાન વિભાગે હજુ પણ રાજ્યમાં મધ્યમથી ભારે વરસાદની આગાહી સાથે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. રાજ્યમાં ૨૧, ૨૨ અને ૨૩ ઓગસ્ટે ફરીથી ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. રાજ્યમાં ભારે વરસાદને કારણે થયેલા ભૂસ્ખલનમાં હજુ પણ ઓછામાં ઓછા ૩ લોકો કાટમાળ નીચે દટાયા હોવાની આશંકા છે.



જાણકારી અનુસાર છેલ્લા કેટલાક દિવસોમાં ભારે વરસાદને કારણે માત્ર શિમલામાં જ ત્રણ અલગ-અલગ જગ્યાએ ભૂસ્ખલન થયું છે. આખા રાજ્યમાં રવિવાર રાતથી વરસાદમાં અત્યાર સુધીમાં ૭૮ લોકોના મોત થયા છે, જેમાં માત્ર શિમલામાં ૨૪ લોકોના મોત થયા છે. અહીં શિવ મંદિર, ફાગલી અને કૃષ્ણ નગરમાં લેન્ડ સ્લાઈડ થઈ છે. જેમાં શિવ મંદિરમાં જ ૧૭, ફાગલીમાં ૪ અને કૃષ્ણનગરમાં ૨ લોકોના મોત થયા છે.

પોલીસના જણાવ્યા અનુસાર, હાલમાં એનડીઆરએફ, એસડીઆરએફ પોલીસ અને હોમગાર્ડની ટીમો સ્થળ પર તૈનાત છે, જેની મદદથી ફસાયેલા લોકોને બચાવવામાં આવી રહ્યા છે. માહિતી અનુસાર, ભારે વરસાદને કારણે ગંભીર સ્થિતિમાં ફસાયેલા ૨ હજારથી વધુ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. તે જ સમયે, શિવ મંદિરમાં ભૂસ્ખલનના કાટમાળ નીચે હજુ પણ ઓછામાં ઓછા ૩ લોકો દટાયા હોવાની આશંકા છે. પોલીસે જણાવ્યું છે કે ખતરનાક વિસ્તારોની ઓળખ કરવામાં આવી રહી છે, જ્યારે ભૂસ્ખલનની સંભાવનાવાળા વિસ્તારો પર ડ્રોનની મદદથી નજર રાખવામાં આવી રહી છે.

બીજી તરફ, સરકારી આંકડાઓ અનુસાર, આ વર્ષે ૨૪ જૂનથી ચોમાસાની શરૂઆત થઈ ત્યારથી રાજ્યમાં માર્ગ અકસ્માત અને વરસાદ સંબંધિત કેસોમાં કુલ ૩૩૮ લોકોના મોત થયા છે. બીજી તરફ જો માત્ર વરસાદ સંબંધિત ઘટનાઓની જ વાત કરવામાં આવે તો આ કારણે ૨૨૧ લોકોના મોત થયા છે. તે જ સમયે ૩૮ લોકો હજુ પણ ગુમ છે. ઈમરજન્સી સેન્ટરમાંથી મળેલી માહિતી મુજબ રાજ્યમાં વરસાદના કારણે ૧૧,૬૦૦ મકાનોને ઓછાવત્તા પ્રમાણમાં નુકસાન થયું છે. તે જ સમયે, ૫૬૦ થી વધુ રસ્તાઓને નુકસાન થયું છે, ૨૫૩ ટ્રાન્સફોર્મર અને ૧૦૭ પાણી પુરવઠા યોજનાઓને અસર થઈ છે. તે જ સમયે, રાજ્યના નાયબ મુખ્યમંત્રી મુકેશ અગ્નિહોત્રીની અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત દરમિયાન, ૧૦,૦૦૦ કરોડથી વધુનું નુકસાન થયું છે.

## નર્મદા ડેમની જળસપાટી ૧૨૩ મીટર પર પહોંચી

ગાંધીનગર,

ર્મદા ડેમની જળ સપાટી ૧૩૨ મીટર પર પહોંચી છે. ડેમ મહત્તમ સપાટીથી ૬ મીટર દુર છે. હાલમાં સરદાર સરોવરમાં પાણીનો જથ્થો ૭૭.૮૧ ટકા જેટલો નોંધાયો હતો. નર્મદા ડેમમાં સતત પાણીની આવક નોંધાઈ રહી છે. ગત મધરાત્રી દરમિયાન પાણીની આવક ૧ લાખ ક્યુસેક કરતા વધુ થઈ રહી હતી. જે દિવસે એંકદરે ૮૦ હજાર ક્યુસેકની આસપાસ રહી હતી. જોકે બપોરે ૧૨ કલાકે આવક ફરીથી ૧ લાખ ક્યુસેક કરતા વધારે નોંધાઈ હતી. ઉપરવાસમાં વરસાદને પગલે નર્મદા ડેમમાં પાણીની આવકમાં વધારો થયો હતો. નદીમાં ૪૪ હજાર ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યુ છે.

ડેમમાં પાણીની આવક થવાને લઈ વીજ ઉત્પાદન શરુ થઈ ચુક્યુ છે. નર્મદા ડેમ પર આવેલ આરબીપીએચના ૬ ટર્બાઈન અને સીએચપીએચ ૩ ટર્બાઈન શરુ કરવામાં આવ્યા છે. આમ ડેમમાં પાણીની આવક થતા વીજ ઉત્પાદન ૯ થવા લાગ્યુ છે. નર્મદા ડેમની સપાટી હવે ૮૦ ટકાએ પહોંચવા તરફ આગળ વધી રહી છે. ડેમમાં જળ જથ્થાને લઈ મોટી રાહત સર્જાઈ છે.

## દહીંહાંડીમાં સામેલ ગોવિંદાઓનો ૧૦ લાખ સુધીનો વીમો લેવામાં આવશે : મહારાષ્ટ્ર સરકાર



મુંબઈ,

મુંબઈ અને આસપાસના વિસ્તારોમાં દહીં હાંડી ઉત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી છે. ઉંચી દહીં હાંડી ફોડતી વખતે ઘણી વખત ગોવિંદા પંથકમાં સામેલ ગોવિંદા ઊંચાઈ પરથી પડીને મૃત્યુ પામે છે. તે જ સમયે, હાથ અને પગમાં ઈજાના કારણે, વ્યક્તિ પણ વિકલાંગ બની જાય છે. આ જોખમને ધ્યાનમાં રાખીને મહારાષ્ટ્ર સરકારે મહત્વનો નિર્ણય લીધો છે. વાસ્તવમાં મહારાષ્ટ્ર સરકાર ગોવિંદા પંથકમાં સામેલ ગોવિંદાઓને ૧૦ લાખ રૂપિયા સુધીનો વીમો આપશે.

જણાવી દઈએ કે ગોવિંદા પંથક વતી લાંબા સમયથી સરકાર પાસે વીમા કવચની માંગ કરવામાં આવી રહી હતી. જો કે આ નિર્ણય બાદ મુખ્યમંત્રી એકનાથ શિંદે અને નાયબ મુખ્યમંત્રી અજિત પવાર ક્રેડિટ લેવા માટે હરીફાઈ કરી રહ્યા છે. તમને જણાવી દઈએ કે દહીં હાંડી કાર્યક્રમનું આયોજન રાજકીય પક્ષો દ્વારા કરવામાં આવે છે. રાજકીય પક્ષો દ્વારા ઉંચી દહીંહાંડીનું આયોજન કરવામાં આવે છે અને લાખો રૂપિયાના ઈનામો રાખવામાં આવે છે. આવા સંજોગોમાં ગોવિંદા પંથકના સભ્યોને અપ્રત્યક્ષ રીતે રાજકીય પક્ષો સાથે સંકળાયેલા હોય તેવા અપ્રિય બનાવોનો સામનો કરવો પડે છે.

ગોવિંદા પંથકોને વીમા કવચ આપવા બદલ રાજ્ય સરકારની પ્રશંસા થઈ રહી છે. કૃપા કરીને જણાવો કે અજિત પવાર જૂથ પાસે રમતગમત મંત્રાલય છે અને આ નિર્ણય રમત વિભાગ દ્વારા લેવામાં આવ્યો છે. રમતગમત મંત્રી સંજય બંસોડ જે અજિત પવાર જૂથના છે. બીજી તરફ, મુખ્યમંત્રી એકનાથ શિંદે જ્યારથી મુખ્યમંત્રી ન હતા ત્યારથી થાણેના ટેમ્ભીનાકા ખાતે દહીં હાંડીનું આયોજન કરી રહ્યા છે. જણાવી દઈએ કે વીમા કવચ મળવાથી લગભગ ૫૦ હજાર ગોવિંદાઓને ફાયદો થશે.


અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૮માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં
રાવત સૈફુદ્દીન સાદેઅલી
તરફથી અભીનંદન....
મુ. માડવ, તા. ધાનપુર, જી. દાહોદ

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૮માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં
રાવત આરીફભાઈ ઇસુબજી
તરફથી અભીનંદન....
મુ. કાલીયાવાડ, તા. ધાનપુર, જી. દાહોદ

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૮માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં
રાઠોડ સરદારભાઈ તેરસિંહ
તરફથી અભીનંદન....
મુ. સીમામોઈ, તા. ધાનપુર, જી. દાહોદ

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# સંતરામપુર તાલુકાની ૨૯૪ પ્રાથમિક શાળામાં પ્રથમ સત્રનું ઘઉં અને ચોખા આજ સુધી મળ્યા જ નથી




સંતરામપુર, કે.આર.ભગોરા, ગોડાઉન મેનેજર, એફસીઆઈ, સંતરામપુરએ જણાવ્યું હતું કે, સંતરામપુર તાલુકાની પ્રાથમિક શાળાઓમાં પહેલા અને બીજા પ્રથમ સત્રમાં ગુજરાત સરકાર દ્વારા ધોરણ ૧ થી ૮ ના વિદ્યાર્થીઓને ૧૫ કિલો ચોખા અને ૧૫ કિલો ઘઉં આપવાનું નક્કી કરેલું છે. પ્રાથમિક શાળાના આચાર્ય દ્વારા દરેક વિદ્યાર્થીઓને અનાજ માટેની ઉપરની ફાળવણી કરવા છતાંય આદિન સુધી સસ્તા અનાજની દુકાનો માંથી ફાળવણી કરવામાં આવેલ નથી. મળતી માહિતી મુજબ સંતરામપુર એફસીઆઇ ગોડાઉનના મેનેજર કે.આર.ભગોરા જણાવેલું કે, અગાઉથી જથ્થાની ફાળવણી કરવામાં આવેલ નથી અને ક્યારે આવશે, તે પણ અમારી પાસે મેસેજ નથી. તેઓ જાણવા મળેલ હતું. ગુજરાત સરકાર દ્વારા જાહેરાત કરવામાં આવેલી કે, દરેક બાળકોને ૧૫-૧૫ કિલો અનાજ આપવાનો નક્કી કરવામાં આવેલું હતું. તેમ છતાં અનાજનો જથ્થો ના આવવાના કારણે બાળકો આનાથી ઉપરનો લઈને બાય બાય ચારણી કરતા ફરે છે, પરંતુ અનાજનો જથ્થો ન હોવાના કારણે આનાથી વંચિત રહેલા આ બાળકોને અનાજનો જથ્થો મળશે ક્યારે તે સૌથી મોટો પ્રશ્ન ઉભો થયેલો છે. ૧૫ કિલો ઘઉં અને ૧૫ કિલો ચોખા તેનું પેકિંગ કરીને બાળકોને આપવાનો નક્કી કરેલો છે. મેં માસની ફાળવણી કરવાના બદલે જૂન-જુલાઈ અને ઓગસ્ટ ત્રણ મહિના પૂર્ણ થવા છતાંય આજ દિન સુધી અનાજનું ચુકવણી કરવામાં જ આવેલ નથી. સંતરામપુર તાલુકાના ગરીબ આદિવાસીઓની બાળકોને અનાજ માટે આપવા માટેની મોટી મોટી જાહેરાત કરે છે, પરંતુ આજદિન સુધી અનાજનો જથ્થો ફાળવવામાં આવેલ નથી અને પ્રાથમિક શાળાના આચાર્યએ અગાઉથી કુપનાની ફાળવણી કરીને બાળકોના હાથમાં પકડાવી દીધ સરકાર માંથી અનાજનો જથ્થો આવેલો નથી, ક્યારે આવશે, તે પણ અમને ખબર નથી. અત્યારે અમારી પાસે કોઈ જથ્થો કે બેલેન્સ નથી.

# મહીસાગર જીલ્લામાં ૩૫૯ ગ્રામ પંચાયત ખાતે મારી માટી મારો દેશ કાર્યક્રમ યોજાયો

મહીસાગર, આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત આ વર્ષે માતૃભૂમિના વીરો અને માટીને વંદનની થીમ પર કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા 'મારી માટી મારો દેશ' કાર્યક્રમ યોજાય રહ્યો છે. માટીને નમન વીરોને વંદન થીમ અંતર્ગત વિવિધ તબક્કામાં તા.૦૯ થી તા.૩૦ ઓગસ્ટ સુધી પંચાયત, બ્લોક સ્તરે અને રાષ્ટ્રીય સ્તરના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. રાજ્ય સરકારના દરેક વિભાગો સહભાગી થયા છે તે અંતર્ગત દરેક પંચાયતમાં પણ વીરોને નમન કરવાના હેતુથી એક શિલાફલકમ એટલે કે તકતી મૂકવામાં આવી. આ તકતીમાં વડાપ્રધાનના વિચાર, વીરોના નામ અને પંચાયતના સ્થળનું નામ, આઝાદીના અમૃત મહોત્સવનો લોગો સહિતની વિગતો. વીરોની વ્યાખ્યામાં સ્વાતંત્ર્ય સેનાનીઓ, સુરક્ષા કર્મચારી (આર્મી, નેવી, એરફોર્સ) રાજ્ય પોલીસ દળ, સીએપીએફના સભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જે કર્મીઓ પોતાની ફરજ દરમિયાન શહીદ થયા છે, તેમને આ શિલાફલકમ દ્વારા શ્રદ્ધાંજલિ આપવામાં આવી.

જે અંતર્ગત અત્યાર સુધી મહીસાગર જીલ્લામાં ૩૫૯ ગ્રામ પંચાયતમાં કાર્યક્રમો યોજાઈ ચૂક્યા છે આ ઉપરાંત ૬ તાલુકા અને ૩ નગરપાલિકામાં કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. મારી માટી મારો દેશ અંતર્ગત અત્યાર સુધી જીલ્લામાં ૩૬૮ શિલાફલકમ એટલે કે તકતી મૂકવામાં આવેલ છે.

કાર્યક્રમ દરમિયાન પંચ પ્રણની પ્રતિજ્ઞા અને સેલ્ફી અભિયાનમાં મહીસાગરવાસીઓ પણ પાછળ નથી અત્યાર સુધી ૪૫૭૮૮ વ્યક્તિઓએ સેલ્ફી અપલોડ કરી છે છે. આ ઉપરાંત દરેક પંચાયતમાં ૭૫ સ્વદેશી રોપાઓનું વાવેતર કરી કુલ ૨૭૯૮૬ રોપાઓનું વાવેતર કરી ૩૭૧ અમૃત વાટીકા તૈયાર કરવામાં આવ્યા. કાર્યક્રમમાં વીરોને વંદન કરવાના હેતુ માટે સ્વાતંત્ર્ય સેનાની/વીરોના પરિવારને આમંત્રિત કરવામાં આવ્યા, તેમનું સન્માન કરવામાં આવ્યું. પંચાયતમાં યોજાનાર દરેક કાર્યક્રમમાં અત્યાર સુધી ૫૨૩૪૩ લોકો ધ્વજ વંદન અને રાસ્ટ્રગાન કાર્યક્રમમાં જોડાયા.

આ ઉપરાંત માટીને નમન કરવાના હેતુથી ગામની માટી એકઠી કરી અને પંચાયતમાં લાવવામાં આવી, આ માટી બ્લોકમાં પહોંચશે. બ્લોક ખાતેથી દરેક તાલુકા દીઠ એક યુવાન પરંપરાગત પહેરવેશ પહેરી આ માટીના કળશને દિલ્હી લઈ જશે.

# સંતરાપુર પ્રાંત કચેરી પાછળ મકાનમાં આગ લાગતાં રોકડ અને દાગીના બળીને ખાખ



સંતરામપુર, સંતરામપુર પ્રાંત કચેરીની પાછળ મકાનમાં લાગી આગ રોકડ રકમ અને દાગીના બળીને ખાખ થઈ. સંતરામપુર પ્રાંત કચેરી પાછળ રહેત રમેશભાઈ વીસપડાના ઘરે લાગી આગ ઘરની અંદર ઘરના પરિવારો ટીવી ચાલુ કરતાં જ એકદમ શોર્ટ સર્કિટ અને ધડાકો થયો ધડાકો થતા જ મકાનની અંદર ચારે બાજુથી આગ લાગવા માંડી જેવી આગ લાગતા ઘરના પરિવારો ઘરની બહાર નીકળી ગયા ધીરે ધીરે આખા મકાનને આગે લપેટમાં લઈ લીધી હતી. બૂમાબૂમ કરી મુકતા ચારે બાજુથી આજુબાજુના ગામજનો દોડી આવ્યા હતા અને ખાનગી ટેન્કર વડે આગ બુઝાવવાનો પ્રયત્ન કર્યો હતો. આગ એટલી ભયંકર લાગી કે તિજોરી આખી બળીને ખરાબ થઈ ગઈ, તિજોરીની અંદર મકાન માલિકે નવું મકાનનું બાંધકામ કરવા માટે રૂપિયા પાંચ લાખ ઉપાડીને લાવ્યા હતા. તેમાંથી બે લાખ રૂપિયા કેટલા બળીને ખાખ થઈ ગયા અને સોના ચાંદીની રકમ પણ ઓગળી ગઈ અને ઘરવખરી સામાન અને અગત્યના કાગળિયા પણ બનીને ખરાબ થઈ ગયા હતા. પ્રાથમિક માહિતી મુજબ આવી ઘટના બનતા જ મધ્યમ વર્ગના પરિવારો મોટા પાયે નુક્સાન થવા પામ્યું થોડા દીવા પછી ઘર બનાવીશું, તેમ કહીને બેંકમાંથી રકમ ઉપાડીને લાવ્યા હતા અને શોર્ટ સર્કિટ થતા જ આગ લાગવાથી ઘટના બની ચાલુ આગની અંદર જ તિજોરીને બહાર ખેંચી લાવીને થોડી ઘણી રકમ બચાવી લેવામાં આવી પરંતુ રોકડા રકમ અને દાગીના ઓગળી જતા મોટાભાઈએ નુક્સાન થવા પામેલું છે. બે થી ત્રણવાર પાણીના ટેન્કરનો મારો ચલાવીને આગને કાબુ કરવામાં આવી ટીવી ચાલુ કરતાં ધડાકો થતા હવે ખરેખર શોર્ટ સર્કિટ કઈ રીતે લાગ્યું તે તપાસ નો વિષય બન્યો અને આવી ઘટના બનતા જ આજુબાજુના રહેતા લોકોમાં પણ ડર જોવા મળી આવ્યો હતો. પરંતુ ઘરના પરિવારોની કોઈ જાનહાનિ થઈ નથી.

# બાલાસીનોર પોલીસ મથકના મર્ડરના ગુન્હાના ૨૨ વર્ષથી વોન્ટેડ આરોપીને બારડોલી ખાતેથી ઝડપ્યો



બાલાસીનોર, મહિસાગર જીલ્લા પોલીસવડા દ્વારા નાસતા ફરતા વોન્ટેડ આરોપીઓને પકડી પાડવા માટે સ્પેશ્યલ ડ્રાઈવનું આયોજન કરેલ હતું. પોલીસે ૨૨ વર્ષથી મર્ડરના ગુન્હામાં નાસતા ફરતા આરોપીને બાલાસીનોર પોલીસે ઝડપ્યો.

બાલાસીનોર પોલીસ મથકના ૨૦૦૧ના હત્યાના ગુનામાં નાસતા ફરતા વોન્ટેડ આરોપી મોહનસિંહ અભેસિંહ સોલંકી (રહે. ભાયલા, તા.બાલાસીનોર) મર્ડર કર્યા બાદ છેલ્લા ૨૨ વર્ષથી નાસતો ફરતો વોન્ટેડ હોય આરોપીએ આજદિન સુધી આધારકાર્ડ કઢાવેલ ન હતું કે, કોઈ બેન્કમાં ખાતુમાં ખોલાવેલ ન હતું. આરોપી ૨૨ વર્ષથી પોલીસ પકડથી દુર હતો. જીલ્લાના નાસતા ફરતા ૧૦ આરોપીઓના ના હોય જે આરોપીના નામ ૧૦,૦૦૦/-રૂપીયાનું ઈનામ જાહેર કરેલ હતું. બાલાસીનોર પોલીસને બાતમીદારો દ્વારા તેની પત્ની ઉપર વોચ તપાસના આધારે આરોપી બારડોલી રહેતો હોવાની તપાસના આધારે આરોપી બારડોલી રહેતો હોવાની તેમજ ટેમ્પો ચલાવતો હોવાની માહિતી મળી હતી. બારડોલીના બાબેન ગામે રાત્રીના સમયે પોલસી ઓળખી ન શકે તે માટે અને ઘરનો દરવાજો ખોલાવવા માટે સામાન લઈ જવા ટેમ્પો જોઈએ છે. તેમ કહી દરવાજો ખોલાવી આરોપી મોહનસિંહ અભેસિંહ સોલંકીને ઝડપી પાડવામાં આવ્યો.

# રાજસ્થાન પોલીસ આરોપીની તપાસ કરવા પંચમહાલ કાલોલ સુધી દોડી

કાલોલ, રાજસ્થાનનાં ઝાલોર જિલ્લાનાં આહોર તાલુકામાં રહેતાં એક પરીવારની સગીર બાળાનું ૧૪ ઓગસ્ટના રોજ અપહરણ થયું અને તેનાં પરીવાની શંકાએ ગુજરાત પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં રહેતાં એક યુવાન ના સંપર્કમાં આવતા હોવાનું પોલીસને જણાતા રાજસ્થાન પોલીસ ગુજરાતનાં કાલોલ પોલીસ સ્ટેશન સુધી દોડી. તપાસ હાથ ધરતા શંકાસ્પદ યુવાન પર ઘરેથી ફરાર જણાતા પોલીસે વધુ તપાસનાં ચક્રો ગતિમાન કર્યા છે.

ગુજરાત રાજ્ય ખેતી અને ઔદ્યોગિક ક્ષેત્રે હરણફાળ ભરી રહ્યું છે. ત્યારે રોજગારી મેળવવા માટે અનેક પરપ્રાંતી પરિવારો ગુજરાતના કેટલાક જિલ્લા અને તાલુકામાં વસવાટ કરતા હોય છે અને તેએમનું ગુજરાણ ચલાવતાં હોય છે.

પરંતુ ઉલ્લેખની એ છે કે રાજસ્થાનનાં ઝાલોર જિલ્લાનાં આહોર તાલુકામાં રહેતાં એક પરિવારનાં સગા સ્નેહીઓ ગુજરાત રાજ્યનાં પંચમહાલ જિલ્લાનાં કાલોલ તાલુકામાં કેટલાક પરિવારો ધંધો રોજગાર ચલાવી પોતાનું ગુજરાણ ચલાવતાં હોય છે. પરંતુ આવા પરપ્રાંતી પરિવારની સગીર બાળા પોતાનાં સગાસ્નેહી ને ઘેર આવી રહેલ અને તે ગામના એક યુવાન નાં સંપર્કમાં આવતાં એક યુવાને સગીરાને લગ્નની લાલચ આપી પટાવતો ફોસલાવતો હોવાનુ તેનાં પરિવાને જણાતા કોઈ અનિચ્છનિય બનાવ ના બને તે માટે તત્કાલીન સગીર વયની બાળાને પોતાનાં વતન માં મોકલી ધિધી હતી તેવું પણ સૂત્રો દ્વારા જાણવા મળી રહ્યું છે.

ગત ૧૪ ઓગસ્ટના રોજ રાજસ્થાનના ઝાલોર જિલ્લાનાં આહોર તાલુકામાં રહેતી સગીર વયની બાળાની અપહરણ ની ફરિયાદ તેનાં પરિવાર દ્વારા ૧૫ ઑગસ્ટના રોજ રાજસ્થાનનાં ઝાલોર જિલ્લાનાં વિસ્તારમાં આવેલ પોલીસ મથકે નોંધાઈ હોવાનું સુત્રો દ્વારા જાણવા મળી રહ્યું છે. જોકે અપહરણ થનાર સગીર યુવતીના પરિવાર દ્વારા પોલીસને માહિતી મળેલ કે યુવતી ગુજરાત રાજ્યના પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં રહેતા એક યુવાનનાં સંપર્કમાં હોવાનું જાણવા મળતા રાજસ્થાન પોલીસ પંચમહાલ જિલ્લાના કાલોલ પોલીસ સ્ટેશનનાં સ્ટાફની મદદ લઈ શંકાસ્પદ યુવાનના ઘરે તપાસ હાથ ધરવામાં આવી હતી. જોકે મળતી માહિતી મુજબ શંકાસ્પદ યુવાનને ઘરે પોલીસ પહોંચતા યુવાન પણ ઘરેથી ફરાર થયો હોવાનું જાણવાં મળ્યું છે.

અપહરણનો ભોગ બનનાર સગીર યુવતીની પુક્ત વયમાં થોડાં દિવસો ઘટતા હોય અને તેનું અપહરણ થતાં અપહરણ કરનાર અંજાન વ્યક્તિ સામે પણ કાયદાની જોગવાઈ અનુસાર ગુચ ઉભી થવાની શક્યતાઓ રહેલી છે. હાલ રાજસ્થાન પોલીસ દ્વારા સગીર બાળાને શોધવાના ચક્રો ગતિમાન કરવામા આવ્યાં છે.

# મારી માટી, મારો દેશ અભિયાન હેઠળ પંચમહાલ જીલ્લામાં ભવ્ય ઉજવણી કરાઈ

ગોધરા, આઝાદી કા અમૃત મહોત્સવને યાદગાર તેમજ ભવ્ય બનાવવા ભારતભરમાં 'મારી માટી, મારો દેશ' અભિયાને પૂરવેગ પકડ્યો છે. તા. ૯ થી ૧૫ ઓગસ્ટ ૨૦૨૩ દરમિયાન પંચમહાલ જીલ્લાના ૫૨૫ ગ્રામ પંચાયતો અને ૧૩૧ ગામો મળી કુલ ૬૫૬ ગામોમાં કાર્યક્રમ યોજાયા છે. તા.૧૬ ઓગસ્ટથી વિવિધ મહાનુભાવોના હસ્તે જીલ્લાના સાત તાલુકા કક્ષાના કાર્યક્રમો તથા ચાર નગરપાલિકાના કાર્યક્રમો પણ હર્ષભેર ઉજવાયા છે. પંચમહાલ જીલ્લામાં કુલ ૫૩૬ શીલા ફલક્મ તથા અમૃત વાટિકાનું નિર્માણ કરાયું છે. જીલ્લાના નાગરિકો દ્વારા ૩૨,૦૮૪ સેલ્ફીઓ અપલોડ કરાઈ છે. જયારે કુલ ૭૧,૫૦૪ નાગરિકોએ પંચપ્રણ પ્રતિજ્ઞા લીધી છે.વસુધા વંદન કાર્યક્રમ અંતર્ગત જીલ્લામાં ૪૪,૦૨૫ સ્વદેશી રોપાઓનું વાવેતર તેમજ વીર વંદના હેઠળ ૮૧૦ વીરો-પરિવારોને સન્માનિત કરવામાં આવ્યા છે. જીલ્લાના અંદાજે ૭૧,૪૫૪ નાગરિકો રાષ્ટ્રગાન અને ધ્વજ વંદન કાર્યક્રમમાં સહભાગી થયા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગ્રામ્ય વિસ્તારોમાં તથા તાલુકા કક્ષાએ મારી માટી, મારો દેશ અભિયાનને સફળતા મળી છે.દરેક ગ્રામ પંચાયતથી માટી યોગ્ય પાત્રમાં એકત્રિત કરીને કળશ દ્વારા તાલુકા કક્ષાએ લાવવામાં આવી છે.હવે પછી જીલ્લાના કુલ સાત તાલુકા દીઠ ૧ એમ કુલ ૭ યુવા પ્રતિનિધિ કળશ લઈને આગામી ૨૭ ઓગસ્ટના રોજ દિલ્હીના કર્તવ્ય પથ મહોત્સવ ખાતે રવાના થશે અને ૩૦ ઓગસ્ટના રોજ દિલ્હી ખાતે ફિનાલે મહોત્સવમાં ભાગ લેશે.

# બરોડા ગુજરાત ગ્રામીણ બેન્ક રીંછવાણી નવા શાખા પરિસરનું ઉદ્‌ઘાટન



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા, પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકામાં આવેલ રીંછવાણી ખાતે આર.એમ. ચંદ્રમોહન સૈની, ડીઆરએમ કમલેશકુમાર કુરીયા, સતીશ કુમાર ઉપાધ્યાય, ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણ, સરપંચો અને ગ્રામજનોની હાજરી. ઘોઘંબા વિસ્તારના તમામ ગામોમાંથી રીંછવાણી શાખાના નવા પરિસરનું ઉદ્‌ઘાટન બરોડા ગુજરાત ગ્રામીણ બેંકના ચેરમેન પ્રભાતકુમાર શર્માના હસ્તે કરવામાં આવ્યું હતું. સનાતન હિન્દુ સંસ્કૃતિ મુજબ નારિયેળ વધેરીને ચેરમેને નવા કેમ્પસની રીબીન કાપી અને કેક કાપ્યા બાદ રીંછવાણી શાખાના તમામ કર્મચારીઓ અને ગ્રામજનોને અભિનંદન પાઠવ્યા હતા.

આ પછી આજે આરએમ અને ડીઆરએમની હાજરીમાં ચેરમેનના શુભ હસ્તે ગ્રાહકને રૂ.૧ કરોડનો મંજુરી પત્ર આપવામાં આવ્યો હતો. જેમાં હોમ લોન રૂ.૩૬,૦૦,૦૦૦/-, ૬ સખી મંડળ લોન રૂ.૩૬,૦૦,૦૦૦/-, ૩ વ્યક્તિગત લોન રૂ.૨૪,૦૦,૦૦૦/- અને વિવિધ લોન આપવામાં આવી હતી આ પછી, એક બેંક સખી અને ૩ નવા બીસીને નિમણૂક પત્રો આપવામાં આવ્યા હતા. આ સાથે PMJJBYનો રૂ.૨,૦૦,૦૦૦/-નો ક્લેઈમ ચેક ચેરમેનના શુભ હસ્તે મૃતકના સંબંધીઓને અર્પણ કરવામાં આવ્યો હતો. ચેરમેન, આર.એમ. અને ડી.આર.એમ.ની ઉપસ્થિતિમાં શરૂ કરાયેલી રિંછવાણી શાખાના નવા પરિસરના ઉદઘાટન પ્રસંગે ગ્રામજનો વતી તમામ ગ્રાહકો માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી અને અંતે તમામ ઉચ્ચ અધિકારીઓના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતુ અને કાર્યક્રમને વિરામ આપવામાં આવ્યો હતો.

# જાંબુઘોડા પોલીસ મથક ખાતે જીલ્લા પોલીસ વડાની અધ્યક્ષતામાં લોક દરબાર યોજાયો



જાંબુઘોડા, જાંબુઘોડા પોલીસ સ્ટેશન ખાતે પંચમહાલ જિલ્લા એસપી હિમાંશુ સોલંકીના અદયક્ષ સ્થાને તેમજ પંચમહાલ જિલ્લા ભાજપ મહામંત્રી મયંકકુમાર દેસાઈની વિશેષ ઉપસ્થિતિમાં લોક દરબાર યોજાયો હતો. આ પ્રસંગે મોટી સંખ્યામાં ગ્રામ જનો તેમજ તાલુકાના જાંબુઘોડા, ઉચેટ, ઉઢવણ, ફૂલપરી, સહિતની પંચાયતોના સરપંચો સહિત અધિકારીઓ પદાધિકારીઓ હાલોલ DYSP વી.જે. રાઠોડ CPI પલાસ સ્થાનિક પીએસઆઇ ચુડાસમા સહિતના પોલીસ સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. લોક દરબારમાં મયંકકુમાર દેસાઈ સહિતના અન્ય આગેવાનોએ જાંબુઘોડા પોલીસ પરેડ ગ્રાઉન્ડમાં યોજાતા નવરાત્રી મહોત્સવમાં જાંબુઘોડા સહિત આસપાસના પાંચ તાલુકા માંથી ખેલૈયાઓ હજારોની સંખ્યામાં ગરબા રમવા આવતા હોઈ અહીંના સ્થાનિક PSI તેમજ સ્ટાફને પાવાગઢ ખાતે નવરાત્રીના નવ દિવસ પોલીસ બંદોબસ્ત નહીં આપવા રજૂઆત કરવામાં આવી હતી. આ સાથે તાલુકા મહામંત્રી ભાવસિંગ ભાઈ બારીયા દ્વારા હાલોલ બોડેલી નેશનલ હાઈવે ઉપર વિસ્તરણ વિભાગ દ્વારા કરવામાં આવેલી ફેન્સીંગ વાડો ને દુર કરવામાં આવે તેવી રજુઆત કરવામાં આવી હતી કારણ કે આ માર્ગ ઉપર અવાર નવાર અકસ્માતો બનતા હોય છે અને આ અકસ્માતમાં ફેન્સીંગ વાડના તારને લઈ અકસ્માત ગ્રસ્તો ને વાડ ના તારને લઈ ગંભીર ઈજાઓ થાય છે તો આ ફેન્સિંગ વાડ ને વિસ્તરણ વિભાગ દ્વારા દુર કરવામાં આવે તેવી પણ રજૂઆત કરવામાં આવી હતી. જ્યારે અન્ય આગેવાનોએ પણ જબાન વળાંક પાસેના મહુડાને લઈ અવારનવાર અનેકોના જીવ ગયા છે અને આ જોખમી મહુડાના વૃક્ષને પણ દૂર કરવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી હતી જ્યારે જાંબુઘોડા ના પોલીસ સ્ટેશનમાં પૂરતો સ્ટાફ ન હોવાની પણ રજૂઆત કરવામાં આવી હતી તેના જવાબમાં એસપી સોલંકીએ જણાવ્યું હતું કેસમગ્ર જિલ્લામાં ૫૦૦ ઉપરાંત ના સ્ટાફ ની ઉનપ છે સરકાર દ્વારા નવો સ્ટાફ આપવામાં આવશે તો જાંબુઘોડામાં પૂરતો સ્ટાફ મૂકી દેવામાં આવશે તેમ જણાવ્યું હતું.

# ગોધરા નાડીયાવાસ ખાતે ખુલ્લી જગ્યામાં જુગાર રમતા એક ઈસમને ઝડપ્યો

ગોધરા, ગોધરા નાડીયાવાસ ખાતે ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો જુગાર રમતા હોય તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી એક ઈસમને કુલ ૧૦૪૦/-રૂપીયાના મુદ્દામાલ ઝડપી પાડયો.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા નાડીયાવાસમાં ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો જુગાર રમી રહ્યા છે. તેવી બાતમીનાઅ આધારે બી ડીવીઝન પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન કિશોર બાબુભાઈ હડીયલને ઝડપી પાડવામાં આવ્યો. ઝડપાયેલ ઈસમ પાસેથી દાવ ઉપર મુકેલ અને અંગઝડતી કરી ૧૦૪૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યો. આ બાબતે ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ.

# હાલોલના ગલાળપુરા ખેતરની ઓરડીમાં ગેસ રીફલીંગ કરતાં સ્થળે રેઈડ કરી ૬૮૦૦/-રૂપીયાનો મુદ્દામાલ ઝડપ્યો

હાલોલ, હાલોલ તાલુકાના ગલાળપુરા સ્મશાન પાસે આવેલ ખેતરમાં પતરાના શેડ પાસે ખુલ્લામાં રિલાયન્સ કંપનીના ગેસ બોટલ માંથી ગેસ રીફલીંગ કરતા હોય તે સ્થળે પોલીસે રેઈડ કરી કુલ ૬૮૦૦/-રૂપીયાના મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ હાલોલ તાલુકાના ગલાળપુરા ગામે સ્મશાન પાસે આવેલ ખેતરમાં અસ્ફાક ફારૂક મન્સુરી એ પતરાની શેડવાળી ઓરડીમાં ગેસ રીફલીંગ કરતો હોય તે સ્થળે હાલોલ રૂરલ પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન રિલાયન્સ કંપનીના ભરેલ બોટલ-૯, ખાલી બોટલ-૧ તેમજ નાની ગેસની બોટલો નંગ-૩ ગેસ રીફલીંગ વાલ્વાવાળી પાઈપ, વજન કાંટા મળી કુલ ૬૮૦૦/-રૂપીયાનો મુદ્દામાલ ઝડપી પાડી આ બાબતે હાલોલ રૂરલ પોલીસ મથકે ફરિયાદ નોંધી.




શ્રી સાર્વજનિક કોમર્સ કોલેજ ગોધરાના એનએસએસ વિભાગ દ્વારા તારીખ ૨૧ ઓગષ્ટ એટલે કે વિશ્વ ઉદ્યોગ સાહસિકતા દિવસની શાનદાર ઉજવણી કરાઈ હતી.

# આપની આજ.......

મેષ : આજનો દિવસ સામાન્ય કરતા સારો રહેશે. ધનલાભની ઘણી તકો આવશે, પરંતુ આજે તમારું મન બીજે ભટકશે. મનમાં ચાલી રહેલી ઉથલપાથલને કારણે કાર્યસ્થળ પર નાણાં સંબંધિત બાબતોની અવગણના કરવામાં આવશે, પરિણામે લાભો વિલંબિત થશે અને અપેક્ષા કરતા ઓછા હશે.

વૃષભ : આજનો દિવસ ઉદાસ રહેશે. સ્વાસ્થ્યમાં આજે શારીરિક અને માનસિક નબળાઈ રહેશે. આજે સારો વ્યવહાર કરજો નહીં તો સંબંધો બગડી શકે છે. જે પાછા જોડવા મુશ્કેલ બનશે. મિત્રો અથવા સંબંધીને થોડા ઉધાર આપી શકાય છે.

મિથુન : આજે તમારા પર ઘણી બધી જવાબદારીઓ નિભાવવાનો દિવસ છે. ઘરના બધા જૂના અટકેલા કામોને પૂર્ણ કરવાની તક મળશે. દિવસના બીજા ભાગમાં પ્રેમી સાથે ફરવા માટે એક યોજના બનાવી શકાય છે.

કર્ક : કાર્યક્ષેત્રમાં ચોરી અથવા અન્ય કોઈ કારણસર નુકસાન થઈ શકે છે. પૈસાને લઈને બપોરે પરેશાની થઈ શકે છે. ક્યાંકથી મળેલી રકમમાં વિક્ષેપ હોવાને કારણે આગળના કામ પર અસર થઈ શકે છે. પરિવાર દરેક રીતે સહકાર આપશે.

સિંહ : આજનો દિવસ તમને ખૂબ વ્યસ્ત રાખશે. દિવસના પહેલા ભાગમાં કેટલાક તાત્કાલિક ફોન કોલ્સ અને ઈમેઈલ્સનો જવાબ આપવો જરૂરી રહેશે. કોઈપણ સર્જનાત્મક કાર્યમાં તમારી રુચિ પણ વધશે.

કન્યા : આજે તમે તમારી બુદ્ધિનો ઉપયોગ કરીને નફો મેળવશો, પરંતુ તમારે યોગ્ય સમયની રાહ જોવી પડશે. દિવસની શરૂઆતથી બપોર સુધી તમે તમારા કામમાં બેદરકાર રહેશો, પરંતુ બપોરે વરિષ્ઠની દખલ પછી તમારા સ્વભાવમાં ગંભીરતા રહેશે.

તુલા : આજે તમે ભૂતકાળમાં થયેલી ભૂલોથી શીખી શકશો. સખત મહેનત કર્યા પછી પણ તમને ઈચ્છિત સફળતા નહીં મળે, પરંતુ નિરાશ થશો નહીં, સાંજથી જ પરિસ્થિતિ તમારા પક્ષમાં આવવા લાગશે.

વૃશ્ચિક : આજે અનિયંત્રિત ખોરાકના કારણે દિવસની શરૂઆતમાં તમારું સ્વાસ્થ્ય થોડું નરમ રહે છે. પેટમાં સમસ્યા પહોંચતા થાકને લીધે કોઈપણ કાર્ય માટે પૂરો ઉત્સાહ રહેશે નહીં. જો બપોરે પરિસ્થિતિ સુધરે તો કામગીરી ઉતાવળમાં કરવામાં આવશે. આજે તમને જાહેર ક્ષેત્રે પ્રેમ અને આદર બંને મળશે.

ધનુ : આજે સવારથી કોઈપણ નવા કાર્યક્રમ સંદર્ભે ઉત્સાહ મળશે. કોઈપણ પ્રેમ સંબંધને લઈને તમે ખૂબ ઉત્સાહિત થશો. ઓફિસમાં તમારું પ્રમોશન અથવા પગાર વધારવાની વાત છે, તમારા ઉત્સાહને નિયંત્રિત કરો. સાંજ દરમિયાન કેટલીક આવશ્યક વસ્તુઓની ખરીદી કરવી પડી શકે છે.

મકર : સાથીઓ અને પરિવારના સભ્યો તમારા બેદરકારીભર્યા વર્તનને કારણે પરેશાન થઈ શકે છે. એકબીજા સાથે તકરાર પણ થઈ શકે છે. પર્યટન મનોરંજન માટેની તકો મળશે, પરંતુ ઉદાસ વર્તનને કારણે આનંદ માણી શકશો નહીં. સ્વાસ્થ્ય સારું રહેશે.

કુંભ : આજે તમારા માટે ઉતાર-ચઢાવનો દિવસ રહેશે. દિવસની શરૂઆતથી જ તમે આવશ્યક કાર્યોમાં વ્યસ્ત રહેશો. ઘરમાં કોઈ બાબતે દલીલ થઈ શકે છે, તેના વિશે માનસિક તણાવ હોઈ શકે છે.

મીન : આજનો દિવસ તમારા માટે ખુશીઓથી ભરપૂર રહેશે. કોઈની સાથેની વાદ-વિવાદ અથવા દલીલમાં તમે જીતી શકો છો. ધંધાના સંબંધમાં તમારે કોઈની સલાહ લેવાની જરૂર પડી શકે છે.

# દેવગઢ બારીયા પોલીસ પર હુમલામાં મહિલાઓ પણ સામેલ : ૨૦ સામે નામજોગ ગુનો નોંધાયો

- કાપડી વિસ્તારમાં ગૌવંશ બચાવવા ગયેલી પોલીસ પર ટોળાનો પથ્થરમારો : સરકારી ગાડીમાં તોડફોડ, ASI ઈજાગ્રસ્ત.
- પોલીસે પ્રકરણમાં બે જુદી-જુદી ફરિયાદ નોંધી : પોલીસની સંયુક્ત ટીમોએ કોમ્બિંગ કરી ૧૦ ને જેલમાં પૂર્યા.
- હુમલાના બનાવમાં પોલીસે ૧૦ ઈસમોની અટકાયત કરી.
- પોલીસ અધિકારીઓ તેમજ વધારાની પોલીસ દેવગઢબારિયા પહોંચી.



દાહોદ,

દેવગઢ બારીયા તાલુકાના કાપડી વિસ્તારમાં કતલખાનું ચાલતું હોવાની બાતમીના આધારે દેવગઢબારિયા પોલીસ મથકના સેકન્ડ પીએસઆઈ તેમજ તેમની ટીમે બાથમીરમાં દર્શાવેલ સ્થળ ઉપર દરોડો પાડતા ગૌવંશની હત્યા કરનાર પરિવાર ભાગી જતા પોલીસે પાંચ કિલો ગૌમાંસ જપ્ત કરી કતલ માટે દોરડા વડે મુશ્કેટાટ બાંધી રખાયેલા પાંચ જેટલા ગૌવંશને મુક્ત કરાવી પોલીસ મથકે લઈ જઈ રહ્યા હતા. તે સમયે અંદાજે ૧૫૦ ઉપરાંતના ટોળાએ પોલીસ ઉપર પથ્થરમારો કરી ગૌવંશને છોડાવવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ તેઓ નિષ્ફળ નીકળ્યા હતા. જોકે આ દરમિયાન બાઈક પર જઈ રહેલા ASIના માથાના ભાગે ગંભીરી જાઓ પહોંચી હતી. સાથે સાથે પોલીસની સરકારી ગાડીને પણ નુકસાન પહોંચ્યો હતો. જે બાદ પોલીસની સંયુક્ત ટીમોએ કાપડી વિસ્તારમાં કોમ્બિંગ કરી પોલીસ ઉપર પથ્થર મારામાં સામેલ ૧૦ જેટલા ઈસમોને ધરદાબોતી જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા. જ્યારે ૨૦ લોકોના નામજોગ તથા અને ૧૩૦ મળી કુલ ૧૫૫ લોકોના ટોળા સામે રાઈટીંગનો ગુનો દાખલ કર્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર દેવગઢ બારીયા તાલુકાના કાપડી વિસ્તારમાં રહેતા અયુબ નાનાભાઈ રસીદાવાળાને ત્યાં કતલખાનો ચાલતો હોવાની બાતમી દેવગઢબારિયા પોલીસને મળતા દેવગઢબારિયા પોલીસ વોટરના સેકન્ડ પીએસઆઈ તેમજ પોલીસના અને જવાનો સરકારી તેમજ ખાનગી ગાડીમાં અયુબ રસીદા વાળાના ઘરે દરોડો પાડતા અયુબ રસીદાવાળા તેમજ તેમનો પરિવાર પોલીસ ને જોઈને ભાગી ગયા હતા. ત્યારબાદ પોલીસે પાંચ કિલો જેટલા માસનો જથ્થો તેમજ કતલ કરવા માટેના સાધનો, સંસાધનો જપ્ત કરી કતલ કરવા માટે દોરડા વડે મુશ્કેટાટ બાંધી રખાયેલી ચાર ગાય તેમ જ એક વાછરડી મળી કુલ પાંચ ગૌવંશને બચાવી પોલીસ મથકે આવી રહ્યા હતા. તે સમયે રસ્તામાં બોચી ફળિયામાં ૧૫૦ થી વધારે મહિલા અને પુરૂષના ટોળાએ તમે બાયલા છો પોલીસ તમારો માલ આવીને છોડાવી લઈ જાય છે તેમ કહી પોલીસ ઉપર પથ્થરમારો ચલાવી હીચકારો હુમલો કરી સરકારી ગાડીને નુકશાન પહોંચ્યો હતો. જેમાં એક ASI દિલીપભાઈ ખાતુભાઈના માથાના ભાગે ઈજાઓ છતાં તેઓને સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડાયા હતા.આ બનાવ બાદ ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક કે સિદ્ધાર્થના માર્ગદર્શનમાં દાહોદ એલ.સી.બી,એસ.ઓ.જી,પેરોલ ફરલો તેમજ દેવગઢ બારીયા પોલીસની અન્ય જુદી જુદી ટીમોએ કાપડી વિસ્તારમાં રાત્રિ દરમિયાન કોમ્બિંગ હાથ ધરી હુમલામાં ખંડોવાયેલા દસ જેટલા ઈસમોને ઘર દાબોચી જેલ ભેગા કર્યા હતા. જ્યારે દે.બારિયા કાપડી વિસ્તારના ૨૦ જેટલાં ઈસમો સામે નામજોગ ફરિયાદ દાખલ કરી છે. જ્યારે અન્ય ૧૩૦ જેટલા ઈસમો સહિત કુલ ૧૫૦ સામે ગુનો દાખલ કર્યો છે. હાલ આ બનાવમાં પોલીસે ૧૦ જેટલા ઈસમોની અટકાયત કરી દેવગઢબારિયા પોલીસમાં મથકે લાવવામાં આવ્યા છે. જ્યારે પોલીસ ઉપર હુમલામાં સંડોવાયેલા અન્ય ધરપકડ માટે ચક્રોગતિમાન કર્યા છે. અત્યારે જીલ્લા પોલીસ અધિક્ષક ડો. રાજદીપસિંહ ઝાલા પણ આજે દેવગઢ બારીયા ખાતે દોડી આવ્યા હતા અને પોલીસ ઉપર પથ્થર મારો કરનાર એક પણ ઈસમને ન છોડવાની તાકીદ આપી તમામને જેલ ભેગા કરવા માટે કડક શબ્દોમાં નિર્દેશ આપી દેવામાં આવ્યા છે. ત્યારે પોલીસે પણ પોલીસ પર હુમલો કરી ફરાર થયેલા અને ઈસમોની શોધખોળ કરી તેઓને જેલ ભેગા કરવા માટે ચક્રોગતિમાન કર્યા છે.

## પોલીસ ઉપર પથ્થરમારામાં સંડોવાયેલા ઈસમોની યાદી

(૧) સિરાજભાઈ ઉર્ફે ટોટો ઈસ્માઈલ જાતે.રસીદવાલા રહે.દેવબારીયા ધાનપુર રોડ ગુજરાત વજનકાંટાની બાજુમા તા. દે. બારીયા જી.દાહોદ.
(૨) મજીદભાઈ મુસાભાઈ પીપલોદીયા રહે.દેવ.બારીયા કાપડી રાતડીયા ફળિયું તા.દેવ.બારીયા
(૩) ફરહાન અબ્દુલ હાફીઝ જાતે લખારા રહે.દેવ બારીયા કાપડી રહેમતનગર સોસાયટી તા.દેવ બારીયા જી.દાહોદ.
(૪) મોહમદ હનીફ નુર મહમદ જાતે.વ્હોરા રહે.દેવ.બારીયા કાપડી પટેલ ફળિયા તા.દેવ.બારીયા જી.દાહોદ.
(૫) ઈરફાનભાઈ નાનાભાઈ જાતે.પટેલ રહે.દેવ.બારીયા કાપડી પટેલ ફળિયું તા.દેવ.બારીયા જી.દાહોદ.
(૬) ઈકબાલભાઈ ફારૂકભાઈ જાતે રાતડીયા રહે.દેવ.બારીયા કાપડી રાતડીયા ફળિયું તા.દેવ.બારીયા જી.દાહોદ.
(૭) ઈકબાલભાઈ મજીતભાઈ જાતે પટેલ રહે. દેવ.બારીયા કાપડી પટેલ ફળિયું તા.દેવ.બારીયા જી.દાહોદ.
(૮) ઈબ્રાહીમભાઈ ઈસુબભાઈ જાતે.પટેલ રહે.દેવ.બારીયા કાપડી પટેલ ફળિયું તા.દેવ.બારીયા જી.દાહોદ.
(૯) ઝુબેરભાઈ ઈબ્રાહીમભાઈ જાતે પટેલ રહે.દેવ બારીયા કાપડી રશીદ ફળિયું તા.દેવ બારીયા જી.દાહોદ.
(૧૦) શબ્બીર અબ્દુલ્લા જાતે ખાંડા રહે.દેવ.બારીયા કાપડી ખાંડા ફળિયું તા.દેવ.બારીયા જી.દાહોદ
(૧૧) મુમતાઝ નાનાભાઈ મુસાભાઈ પટેલ રહે.દેવ.બારીયા કાપડી પટેલ ફળિયું તા.દેવ.બારીયા જી.દાહોદ.
(૧૨) ઐયુબભાઈ નાનાભાઈ રસીદવાળા રહે.દેવ બારીયા કાપડી બુચી ફળિયું તા.દેવ.બારીયા જી.દાહોદ.
(૧૩) સોકત આદમ રસીદવાળા રહે.દેવ.બારીયા કાપડી રશીદ ફળિયું તા.દેવ.બારીયા જી.દાહોદ.
(૧૪) ઈસુબ નાના રસીદવાળા રહે.દેવ.બારીયા કાપડી રશીદ ફળિયું તા.દેવ.બારીયા જી.દાહોદ (૧૫) સલીમ યુમ ભીખા રહે.દેવ.બારીયા કાપડી ફાટક ફળિયું તા.દેવ.બારીયા જી.દાહોદ (૧૬) સુગરાબેન સઈસ્માઈલભાઈ જાતે રાતડીયા રહે.દેવ.બારીયા કાપડી રાતડીયા ફળિયું તા.દેવ બારીયા.
(૧૭) બાનુબેન મહેબુબભાઈ પિતળ (ગોધરાવાળા) રહે.દેવ.બારીયા કાપડી ચાંદા ફળિયું તા. દેવ.બારીયા જી.દાહોદ
(૧૮) સઈદાબેન ઐયુબભાઈ રસીદવાળા રહે.દેવ.બારીયા કાપડી બુચી ફળિયું તા.દેવ.બારીયા જી.દાહોદ.
(૧૯) સમીરાબેન ઐયુબભાઈ રસીદવાળા રહે.દેવ.બારીયા કાપડી બુચી ફળિયું તા.દેવ.બારીયા જી.દાહોદ.
(૨૦) યાકુબભાઈ મજીદભાઈ જાતે પીપલોદીયા રહે.દેવ.બારીયા કાપડી રાતડીયા ફળિયું તા.દેવ.બારીયા.
(૨૧) બીજા આશરે ૧૩૦ જેટલા પુરૂષ મહિલાઓ તમામ રહે.દેવ.બારીયા કાપડી તા.દેવ.બારીયા જી.દાહોદ.

## દાહોદ LCB પોલીસે ૧૨ વર્ષ ઉપરાંત તેમજ જુદા જુદા પોલીસ મથકોમાં વોન્ટેડ ૭ આરોપીઓને ઝડપી પાડવામાં સફળતા સાંપડી




દાહોદ,

દાહોદ એલસીબી પોલીસે દાહોદ જીલ્લામાં પ્રોવીબિશનના ૧૫ જેટલા ગુનાઓમાં છેલ્લા ૧૨ વર્ષથી નાસતા ફરતા વોન્ટેડ મધ્યપ્રદેશના આરોપી સહિત ગુજરાતના ગાંધીનગર આણંદ, પંચમહાલ, સુરત જેવા જીલ્લાઓમાં ઘરફોડ ચોરી, તેમજ પ્રોહીબિશનના ગુનાઓમાં વોન્ટેડ સાત જેટલા આરોપીઓ જે લાંબા સમયથી પોલીસને હાથ તાળી આપી ફરાર થવામાં સફળ થયા હતા તે ઈનામી વોન્ટેડ આરોપીઓને જેલ ભેગા કરવામાં સફળતા સાપડી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દાહોદ એલસીબી પોલીસે અન્ડિકેટ ગુનાઓનો ભેદ ઉકેલવા તેમજ લાંબા સમયથી વોન્ટેડ આરોપીઓને ઝડપી પાડવા માટે હ્યુમન ફોર્સ તેમજ ટેકનિકલ સોર્સ ની મદદથી એક્શન પ્લાન અમલમાં મૂક્યો હતો. જેમાં પોલીસને સફળતા મળી છે. પોલીસે મધ્યપ્રદેશના ઝાબુઆ હાઉસિંગ બોર્ડ કોલોનીના રહેવાસી સંજય હરિવંશરાય પાંડે (પંડિત) જે દાહોદ જીલ્લામાં લીમખેડાના ૪, કતવારાના ૬, જેસાવાડા, રણધીકપુર દાહોદ ટાઉન, દાહોદ ગ્રામ્ય તેમજ ધાનપુર પોલીસ સ્ટેશન સહિત ૧૫ જેટલા પ્રોહીબિશનના ગુનામાં ૧૨ વર્ષથી નાસતા ફરતા ઉપરોક્ત વોન્ટેડ આરોપીને ઝડપી જેલ ભેગો કર્યો હતો. ત્યારબાદ ગાંધીનગર જીલ્લાના કલોલ પોલીસ મથકમાં ૨૦૧૧માં ઘર પર ચોરીના ગુનામાં સંડોવાયેલા અને ૧૨ વર્ષથી નાસતા ફરતા મોટી લછેલી ડુંગરી ફળિયાના મનુભાઈ ઉર્ફે મનીયો વેસ્તાભાઈ આમલીયાર, આણંદ જીલ્લાના વિદ્યાનગર પોલીસ મથકમાં ૨૦૧૨ માં ઘરફોડ ચોરીમાં સંડોવાયેલા અને ૧૧ વર્ષથી નાસતા ફરતા ગરબાડા આમલી મીનામાં ફળિયાના ઈબુ અબરૂ ગાંડા ધૂળિયા ભાઈ મિનામા, દાહોદ જીલ્લાના સુખસર, દેવગઢબારિયા તેમજ ઝાલોદ પોલીસ મથકમાં ધાર થતા હથિયારી ધારાના ત્રણ ગુનાઓમાં છેલ્લા ૧૧ વર્ષથી નાસતા ફરતા માજુ મોહન કાલીયા ચારેલ રહેવાસી ઝારની થાંદલા બેડવા ફળિયુ, ઝાબુઆ, છેલ્લા ચાર વર્ષથી લીમડી ચાકલીયા અને ઝાલોદ પોલીસ મથકમાં ઘરફોડ ચોરીના ગુનોમાં સંડોવાયેલા અને પંચમહાલના મોરવા હડફ પોલીસ મથકના પ્રોહીબિશનના કુલ પાંચ ગુનાઓમાં નાસતા ફરતા સાજેશ જગલા ચારેલ રહેવાસી ઝારની થાંદલા બેડવા ફળિયુ, ઝાબુઆ, સુરત જીલ્લાના કામરેજ ગ્રામ્ય પોલીસ મથકના ઘર ફોડ ચોરીના કુલ ત્રણ ગુનાઓમાં સંડોવાયેલા અને સાત માસથી નાસતા ફરતા લીમખેડા તાલુકાના ચિલાકોટા રવાડી ફળિયાના રહેવાસી પ્રતાપભાઈ સનિયાભાઈ ડામોર, તેમજ સાગ્ટાડા પોલીસ મથકમાં પ્રોહીબિશનના બે ગુનાઓમાં છેલ્લા સાત માસથી નાસતા ફરતા દેવગઢબારિયા તાલુકાના પાંચિયાશાળ ગામના સુરેશ ઉર્ફે ભુરીયો વિનોદભાઈ રાઠવા સહીત સાત વોન્ટેડ આરોપીઓને એલસીબી પોલીસે ઝડપી જેલભેગા કર્યા છે.

## દાહોદના કાળીડેમ ખાતે જુગારધામ પર પોલીસના દરોડા : ૨૫ જુગારીયાઓ ઝડપાયા



દાહોદ,

દાહોદ તાલુકાના ચોસાલા કાળીડેમ કેદારેશ્વર મહાદેવ મંદિર પાસે ખુલ્લી જગ્યામાં ધમધમતા જુગારધામ પર દાહોદ ગ્રામ્ય પોલીસે દરોડા પાડતા જુગારીયાઓમાં નાસભાગના દ્રશ્યો સર્જાયા હતા. જેમાં પોલીસે સ્થળ પરથી રાજસ્થાનના બાસવાડા જીલ્લાના ૨૫ જેટલા જુગારીયાઓને ઝડપી પાડી તેમની પાસેથી એક લાખ ઉપરાંતના ૧૦ મોબાઈલ ફોન, ૨૨,૦૦૦ ઉપરાંતની રોકડ રકમ મળી કુલ ૧.૨૨ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

દાહોદ જીલ્લામાં શ્રાવણ માસ દરમિયાન ઠેર ઠેર શ્રાવણીયા જુગારને હાટડીઓ ધમધમે છે. ત્યારે જુગારની બદીને કડકરીતે ડામી દેવા પોલીસ અધિક્ષક ડો. રાજદીપસિંહ ઝાલાના માર્ગદર્શનમાં જુગાર ધામ ઉપર દરોડા પાડવામાં આવી રહ્યા છે. તેવા સમયે એક તરફ દાહોદ તાલુકાના ચોસાળા ખાતે આવેલા કાલી ડેમ કેદારેશ્વર મહાદેવ મંદિર ખાતે સોમવારે મેળો ભરાતો હોય ગ્રામ્ય પોલીસ મેળાના બંદોબસ્તમાં હતી. તે સમયે મંદિર નજીક ખુલી જગ્યામાં કેટલાક ઈસમો જુગાર રમી રહ્યા હોવાની બાતમી દાહોદ ગ્રામ્ય પોલીસને થતા દાહોદ ગ્રામ્ય પોલીસે બાતમીના આધારે જુગાર ધામ ઉપર દરોડો પાડતા જુગારીયાઓમાં નાસભાગના દ્રશ્યો સર્જાયા હતા. જોકે, પોલીસે સ્થળ પરથી ૨૫ જેટલાં જુગારીયાઓને ઝડપી તેમની પાસેથી ૧૦ મોબાઈલ ફોન ૧૨૦૦૦ રૂપિયાની રોકડ રકમ મળી કુલ ૧.૨૨ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

## લીમડીના બે યુવકો પૈકી એકનું મોત, પરિવારજનોમાં માતમ છવાયો

ઝાલોદ,

ઝાલોદ તાલુકાના કાળી મહુડી નજીક પૂરપાટ જતી ફોરવીલર ગાડીના ચાલકે સ્ટેરીંગ પરથી કાબુ ગુમાવતા ફોરવીલ ગાડી રોડની સાઈડમાં પુલ નીચે ખાબકતા સર્જાયેલા માર્ગ અકસ્માતના બનાવમાં લીમડી નગરના એક આશાસ્પદ યુવાનનું સારવાર દરમિયાન કમકમાટી ભર્યું મોતની નીપજ્યા હોવાનું જાણવા મળેલ છે.જ્યારે ગાડીમાં સવાર અન્ય એક યુવકને ગંભીર ઈજાઓ પહોંચતા તેને સારવાર અર્થે દાહોદના ઝાયડસ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.

મળતી માહિતી અનુસાર ઝાલોદ તાલુકાના લીમડી નગરના નવા બજાર ખાતેના રહેવાસી ઉત્કર્ષ હિતેન્દ્રભાઈ છાજેડ તેના મિત્ર પ્રશાંત ઉર્ફે લકી ભુપેન્દ્ર સોની નામક યુવક સાથે પોતાના કબજા હેઠળની Gj-20-AH-7020 નંબરની ટાટા ટીગોર ફોરવીલર ગાડીમાં પૂર ઝડપે હંકારી લઈ જઈ રહ્યો હતો. જ્યાં રસ્તામાં કાળી મહુડી નજીક ઉત્કર્ષ છાજેડે સ્ટેરીંગ પરથી કાબુ ગુમાવતા ફોરવીલ ગાડી પુલ નજીક નીચે ખાબકતા સર્જાયેલા અકસ્માતમાં ઉત્કર્ષ છાજેડ તેમજ લકી સોનીને ગંભીર ઈજાઓ પહોંચતા અકસ્માત દરમિયાન ભેગા થયેલા આસપાસના લોકોએ બંને ગંભીર ઈજાગ્રસ્ત યુવકોને ૧૦૮ મારફતે દાહોદના ઝાયડસ હોસ્પિટલ ખાતે મોકલી દીધો હતો. જ્યાં ટૂંકી સારવાર દરમિયાન ઉત્કર્ષ છાજેડનું મોત નીપજ્યું હોવાના સમાચાર સામે આવતા પરિવારજનોમાં રોકકળ મચી જવા પામી હતી.જ્યારે લકી સોની નામના ગંભીર ઈજાગ્રસ્ત યુવક હાલ ઝાયડસ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

ઉપરોકત બનાવ સબંધે લીમડી પોલીસે અકસ્માત અંગેનો ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

## ગરબાડા તાલુકામાં વીજ કંપનીની વીજીલન્સ ટીમે દરોડો કરી ૬.૭૩ લાખની વીજ ચોરી ઝડપી

ગરબાડા,

ગરબાડા તાલુકામાં વિવિધ વિસ્તારોમાં મધ્ય ગુજરાત વીજ કંપની વીજ ચોરી પકડવાના ઝુંબેશના ભાગરૂપે તપાસ કરતા ગરબાડા તાલુકામાંથી જુદા જુદા વિસ્તારોમાં ૫૮ વીજ ગ્રાહકો પકડાયા હતા. આ લોકોને ૬,૭૩,૦૦૦/-નો દંડ ફટકાર્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર વીજીલન્સની ૧૨ ટીમોએ ગરબાડા તાલુકાના જુદા જુદા વિસ્તારો જેમ કે પાંચવાડા, ખારવા, દેવધા, બોરીયાલા, બોરીયાલી, નીમચ, ગુલબાર, તેમજ એમજીવીસીએલની અંદર આવતા ધાનપુરના પણ વિસ્તારોમાં ચેકિંગ હાથ ધરી હતી. ડે.એન્જિનિયરના જણાવ્યાનુસાર તાલુકાના વિવિધ વિસ્તારોમાં ૨૩૯ જગ્યાએ વીજીલન્સની ટીમે ચેકિંગ હાથ ધર્યુ હતુ. જેમાં ૫૮ જગ્યાઓ ઉપર વીજ ચોરી પકડાઈ હતી. તેમજ ૬,૭૩,૦૦૦/-નો દંડ પણ ફટકારવામાં આવ્યો હતો.

## દાહોદ ધાર્મિક કાર્યક્રમમાં પ્રસાદ લેતાં ૮૦ લોકોને ફુડ પોઈઝનીંગના ભોગ બન્યા

દાહોદ,

દાહોદમાં એક ધાર્મિક કાર્યક્રમમાં પ્રસાદ લેતા થયું ફૂડ પોઈઝનિંગઃ ૮૦ થી વધુ લોકો ફૂડ પોઈઝનિંગનો ભોગ બન્યા : સારવાર અર્થે અલગ અલગ હોસ્પિટલમાં દાખલ : બેની હાલત ગંભીર બનતા વેન્ટિલેટર પર મુકાયા.

અધિક મહિનાના અંતિમ દિવસે દાહોદ શહેરમાં યોજાયેલા એક ધાર્મિક કાર્યક્રમમાં પ્રસાદ લેતા ૮૦ થી પણ વધુ લોકોને ખોરાકી ઝેરની અસર થતા હાહાકાર મચી જવા પામ્યો હતો. ખોરાકી ઝેરનો ભોગ બનેલાઓને દાહોદની અલગ અલગ ખાનગી હોસ્પિટલમાં તેમજ સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જે પૈકી બે ની હાલત ગંભીર બનતા તે બંનેને વેન્ટિલેટર પર રાખવામાં આવ્યાનું સાંભળવા મળી રહ્યું છે. દાહોદ શહેરમાં અધિક માસના અંતિમ દિવસે એટલે કે અમાવસ્યાના દિવસે એક સંપ્રદાય દ્વારા ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રસાદી સખડી ખાવામાં આવતા અનેક લોકો ફૂડ પોઈઝનિંગ નો ભોગ બન્યા હતા. જેથી તેઓને હાલ દાહોદની અલગ અલગ ખાનગી હોસ્પિટલમાં તેમજ દાહોદની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાનું સાંભળવા રહ્યું છે. આ પૈકીના બે દર્દીઓની હાલત વધુ ગંભીર બનતા તે બંનેને વેન્ટિલેટર પર રાખવામાં આવ્યા નું પણ સાંભળવા મળ્યું છે. દાહોદની હોસ્પિટલમાં સારવાર દરમિયાન કેટલાકની સ્થિતિમાં સુધાર ન જણાતા તેઓને અમદાવાદ તેમજ વડોદરાની અલગ અલગ ખાનગી હોસ્પિટલોમાં પણ ખસેડાયા હોવાનું સાંભળવા મળ્યું છે. આ બાબતે કોઈપણ જવાબદારો કાંઈ પણ બોલવા તૈયાર નથી હોસ્પિટલ વિભાગ પણ આ બાબતે માહિતી આપવા તૈયાર નથી કે નથી. આરોગ્ય વિભાગ આ મામલે આરોગ્ય વિભાગના જવાબદારોને પૂછતા તેઓ પણ આ બાબતે અમોને કાંઈ ખબર નથી નો રાગ આલાપી આ મામલે નિંદ્રાધિન હોવાની પ્રતીતિ કરાવી રહ્યા છે.

## ફતેપુરામાં સ્મશાન ગૃહ બનાવવાની કામગીરી આખરે શરૂ કરાઈ

ફતેપુરા,

ફતેપુરા તાલુકાના મુખ્ય મથકે વર્ષોથી સ્મશાન ગૃહનો અભાવ જોવા મળતો હતો. સ્મશાન ગૃહ ન હોવાથી લોકોને પોતાના નજીકના મૃતકની અંતયેષ્ઠી ખુલ્લા વાતાવરણમાં કરવી પડતી હતી. ફતેપુરાની વલય નદી પર સુવિધાજનક સ્મશાનગૃહ ન હોવાથી લોકોને કાદવ-કિચડમાંથી પસાર થઈ નનામી લઈ જઈને અંતયેષ્ઠી કરવાની ફરજ પડતી હતી. વલય નદી પર સ્મશાન ગૃહ બનાવવા માટે અવાર નવાર લોકો દ્વારા રજુઆત કરવામાં આવતી હતી. રજુઆતના પગલે સાંસદ જશવંતસિંહ ભાભોર દ્વારા ૨૦ લાખની રકમ ફળવાતા સ્મશાનગૃહની કામગીરી કરાઈ હતી. સંપુર્ણ સુવિધા ન હોવાથી ગ્રામજનો દ્વારા સુવિધાજનક સ્મશાન ગૃહ બનાવવા માટે પુનઃ કામગીરી શરૂ કરાતા સંપુર્ણ સુવિધા યુકત સ્મશાન ગૃહ બનાવવાની કામગીરી પુરજોશમાં ચાલતા લોકોમાં ખુશી વ્યાપી છે.

## દાહોદ લોકસભા બેઠક માટે પ્રબળ દાવેદાર વધતા આંતરીક ડખાના એંધાણો

દાહોદ,

દાહોદ લોકસભાની આકાંક્ષી મનાતી બેઠક માટે પ્રબળ દાવેદારોની સંખ્યા વધતા ભાજપમાં આંતરિક ડખાના એંધાણોઃ અત્યારથી જ ભાજપ સંગઠને ડેમેજ કંટ્રોલ કરવાની કામગીરી શરૂ કરી દીધીઃ આપસી મતભેદો ભૂલી ખભેખભા મિલાવી કામે લાગી જવાની નેતાઓથી માંડી અદના કાર્યકરો સુધી સૌને સંગઠનની ટકોર.

આગામી વર્ષ ૨૦૨૪માં યોજાનાર લોકસભાની ચૂંટણીની તમામ રાજકીય પક્ષો દ્વારા પોતપોતાની રીતે તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ભાજપ દ્વારા પણ ગુજરાતમાં લોકસભાની તમામે તમામ બેઠકો અંકે કરી લેવા નીચલા સ્તરથી ઉપલા સ્તર સુધીની તમામ તૈયારીઓને અમલી બનાવવા આખરી ઓપ અપાઈ રહ્યો છે. ત્યારે કોંગ્રેસ તેમજ અન્ય પક્ષોના એક સમૂહ દ્વારા પણ આ વખતે ગુજરાતમાં ૨૬માંથી વધુમાં વધુ બેઠકો અંકે કરવાની કવાયત શરૂ કરી દેવામાં આવી છે.

ભાજપ દ્વારા ગુજરાતમાં પાંચ જેટલી આકાંક્ષી બેઠકો પર કોઈ ભંગાણ યા બળવાની સ્થિતિ ન સર્જાય તે માટે તમામ સ્તરે દેખરેખ રાખવામાં આવી રહી છે. આ પાંચ આકાંક્ષી બેઠકો પૈકીની દાહોદ બેઠક માટે ભાજપમાં જ એકથી વધુ દાવેદારો ચૂંટણી લડવાની મનસા રાખતા હોવાનું સાંભળવા મળી રહ્યું છે. દાહોદના સાંસદ યશવંતસિંહ ભાભોર છેલ્લી બે ટર્મથી દાહોદ લોકસભાની બેઠક પર ચૂંટાતા આવ્યા છે. અને પાંચેક ટર્મ તો તેઓ ધારાસભ્ય પણ રહી ચૂક્યા છે. પરંતુ ભાજપ કદાચ આ વખતે લોકસભાની ચૂંટણીમાં બેઠકોની ફાળવણીમાં નો રિપીટની થીયરી અપનાવે તો જશવંતસિંહ ભાભોરની ત્રીજી ટર્મમા પણ સાંસદ બનવાની આશાઓ સ્વપન બનીને રહી જશે તેમ છે. આમ પણ દાહોદ લોકસભાની બેઠક માટે હાલના દાહોદ જીલ્લા ભાજપા પ્રમુખ શંકરભાઈ અમલીયાર પણ પ્રબળ દાવેદાર હોવાની આંતરિક ચર્ચાઓ છે. અને છેલ્લા કેટલાક સમયથી તેમની સારી કામગીરીની ઉપલા લેવલે નોંધ પણ લેવાતી રહી હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે. આમ જોવા જઈએ તો શંકરભાઈ અમલીયાર એક પણ વિધાનસભાની ચૂંટણી લડ્યા નથી પરંતુ પોતાના બહોળા અનુભવને આધારે તેઓ આ વખતે દાહોદ લોકસભાની બેઠક માટે પ્રબળદાવેદાર મનાઈ રહ્યા છે. ત્યારે સંતરામપુરના ધારાસભ્ય અને હાલ રાજ્યના શિક્ષણમંત્રી કુબેરભાઈ ડીંડોરનું નામ પણ દાહોદ લોકસભા બેઠક માટે ચર્ચામાં છે. તેઓની પોતાના વિસ્તારમાં સારી એવી પકડછે. આ ત્રણેયને બાદ કરતાં હજુ બીજા કેટલાક પણ દાહોદ લોકસભા બેઠક માટે દાવેદારી કરે તેવા પણ અંદેશાઓ છે.

જીલ્લામાં વિધાનસભાની તમામે તમામ છ બેઠકો અને લોકસભાની બેઠક હાલ ભાજપા પાસે છે. આ વખતે ૨૦૨૪ ની લોકસભાની ચૂંટણીમાં દાહોદ લોકસભાની બેઠક માટે ભાજપમાં એકથી વધુ પ્રબળ દાવેદારો હોવાનું ચર્ચાઈ રહ્યું છે. જેના કારણે કોઈ ડખો ઊભો ન થાય તે માટે સંગઠન દ્વારા ચાપતી નજર રાખવામાં આવી રહી છે. આ માટે વડોદરા ખાતે પ્રદેશ સંગઠનના મહામંત્રી રત્નાકર દ્વારા વડોદરા ખાતે બંધ બારણે બેઠક પણ યોજવામાં આવી હતી. જેમાં દાહોદના તમામ ધારાસભ્યો સાંસદ સહિત કુલ ૫૮ જેટલા નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં તેઓને આંતરિક મતભેદો ભૂલી ભેગાં મળી કામ કરવાની ટકોર પણ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. ભાજપે તો આ વખતે પણ દાહોદની બેઠક અંકે કરવાનું મન મનાવી લીધું છે. પરંતુ આ બેઠક માટેના દાવેદારોની સંખ્યામાં છેલ્લી વખતે વધારો થાય તો જે સ્થિતિ સર્જાય તેને પહોંચી વળવા ભાજપ સંગઠન દ્વારા અત્યારથી જ તમામ વ્યુહ રચના ઘડવાની તૈયારીઓ આરંભી દેવામાં આવી છે.

સતત બે ટર્મથી દાહોદ લોકસભા બેઠક પર ચુંટાતા ભાજપાના જશવંતસિંહ ભાભોર ત્રીજી ટર્મ પણ જીતવાની આશા રાખી રહ્યા છે. પરંતુ આ વખતે સ્થિતિ કંઈક અલગ જ જોવા મળી રહી છે. જીલ્લા ભાજપમાં પણ આંતરિક કલહ સપાટી પર જોવા મળી રહ્યો છે. જીલ્લા ભાજપાના પ્રમુખ શંકરભાઈ અમલીયાર પણ ચૂંટણી લડવાની ફિરાકમાં છે. અને તેઓ પણ મોકાની રાહ જોઈ રહ્યા છે. તેઓ વિધાનસભાની ચૂંટણી લડ્યા વિના જ પોતાના બહોળા અનુભવને કારણે સીધે સીધી લોકસભાની ચૂંટણી લડવાની ઈચ્છા ધરાવી રહ્યા છે. પરંતુ આ બેઠક માટેના આંતરિક ડખા જોતા લોકસભાની બેઠક અંકે કરવા શંકરભાઈ આમલીયારનો પનો ટૂંકો પડે તેમ લાગી રહ્યું છે. પરંતુ જો કિસ્મતમાં જ ઉમેદવારી કરવાનું લખ્યું હશે તો તેમને જરૂર ટિકિટ મળશે.

આગામી લોકસભાની ચૂંટણીમાં ગુજરાતની ૨૬ બેઠકો પૈકી પાંચ બેઠકો એવી મનાઈ રહી છે કે, જ્યાં ભાજપમાં અંદરો અંદર ડખા છે. જેમાં આણંદ, દાહોદ, પાટણ, બારડોલી વગેરે હોવાનું જાણવા મળ્યું છે. આ પાંચ બેઠકોમાં સત્તાધારી ભાજપના સાંસદોના વિરૂદ્ધમાં જ સંગઠન, જીલ્લાના નેતાઓ, ધારાસભ્યો, મંત્રીઓ કે પૂર્વ મંત્રીઓ જેવા નેતાઓ અંદરખાને મેદાને પડેલા છે. જેને લઈને લોકસભાની આગામી ચૂંટણીમાં બળવાખોરી થવાનો પક્ષને ભય છે. ત્યારે ડેમેજ કંટ્રોલ કરવા અત્યારથી જ ભાજપે કમર કસી છે. આ પાંચ બેઠકોને ભાજપ આકાંક્ષી બેઠકો તરીકે ગણી રહ્યું છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.01

# પંચમહાલ આવૃત્તિ

ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર


# જીલ્લાની જીવાદોરી સમાન પાનમ ડેમ સતત ત્રીજા વરસે અડધો ખાલી : ખેડુતો ચિંતાતુર








- ત્રણ વરસથી અર્પૂતા પાણીથી એકેય દરવાજા ખોલાયા નથી.
- ચાલુ વરસે સરેરાશ ૫૨ % પાણીની નવી આવક નોંધાઇ.
- ઉપરવાસ તેમજ સ્થાનિક જીલ્લામાં નહિવત વરસાદ.
- વરસાદે હાથતાળી આપતા આગામી સમયે ખેડુતો માટે મુશ્કેલરૂપ.
- પાણી પુરવઠા જુથ યોજના હેઠળ ૫.૩ મીલીયન ઘન મીટર પાણી પીવા માટે આરક્ષીત.
- પંચામૃત ડેરી તથા ૭૪ ઉપરાંત ગામો ઉપર પીવાના પાણીનું સંકટ.

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં મેઘરાજાએ હાથતાળી આપતા ત્રીજા રાઉન્ડના અંતે વરસાદ ખેંચાતા જિલ્લાના જીવાદોરી સમાન પાનમ ડેમમાં પૂરતો પાણીનો જથ્થો ઉપ્લબ્ધ બન્યો નથી ચાલુ વર્ષે અપુરતા વરસાદના કારણે ડેમ માત્ર બાવન ટકા જ ભરાયો છે. જેના કારણે સતત છેલ્લા ત્રણ વર્ષથી તેમજ હાલમાં પણ પાણી સંપૂર્ણ ન ભરતા એકપણ દરવાજો ખોલવામાં નહી આવીને કેનાલમાં છોડવામાં નહી આવતાં ડેમ આધારીત સિંચાઈને લઈ ખેડૂતો હાલ ચિંતામાં મુકાયા છે.

ઓછા વરસાદના કારણે પંચમહાલ જિલ્લાના જીવાદોરી સમાન પાનમ ડેમમાં ચાલુ વર્ષે પાણીની આવક ખુબ જ ઓછી થવા પામી છે. છેલ્લા ત્રણ વર્ષથી તેમજ હાલમાં પણ પાનમ ડેમ સંપૂર્ણ ન ભરતા સિંચાઈને લઈ ખેડૂતો હાલ ચિંતામાં મુકાયા છે. છેલ્લા ૩ વર્ષથી જિલ્લામાં અને ઉપરવાસમાં વરસાદ ઓછો થવાથી પાનમ ડેમમાં પાણીની આવક ખુબજ ઓછી થતાં પાનમ ડેમ ભરાયો પણ નથી, જેના કારણે છેલ્લા ૩ વર્ષથી પાનમ ડેમનાં એક પણ દરવાજો ખોલવામાં આવ્યો નથી. હાલ ડેમમાં સરેરાશ ૫૦% જ પાણીની આવક થઈ છે, છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન ડેમ સંપૂર્ણ ભરાયો ન હોવાથી ખેડૂતોને સિંચાઈનું પાણી પાનમ સિંચાઈ વિભાગ દ્વારા આપવામાં આવતું નથી. જેથી ખેડૂતોને નુકસાન થવા પામે છે.ત્યારે આગામી દિવસોમાં પાનમ ડેમ સંપૂર્ણ ભરાશે કે નહિ અને આગામી દિવસોમાં ખેડૂતોને સિંચાઈ માટે પાણી આપવામાં આવશે કે નહીં તેની ચિંતામાં ખેડૂતો જોવા મળી રહ્યા છે. જોકે મોસમ વિભાગની આગાહી પ્રમાણે ત્રીજા રાઉન્ડના અંતે વરસાદે હાથતાળી આપતાં ખેંચાયો છે. આકાશમાંથી અગનગોળા રસાવતી ગર્મી વચ્ચે ખેતરોમાં પાણીની જરૂરીયાત વર્તાય રહી છે. તેવા સમયે પાનમડેમ અને તે આધારીત કેનાલોમાં પાણી નહી અપાતાં સિંચાઈ વિના પાકને બચાવવો ચિંતાનું કારણ બન્યો છે.

પંચમહાલ જિલ્લાની જીવાદોરી સમાન પાનમ જળાશયમાંથી સિચાંઇના પાણી થકી પંચમહાલ, મહીસાગર અને વડોદરા જિલ્લાના કુલ ૫ તાલુકાના ૧૩૨ ગામોની ૩૬૪૦૫ હેક્ટર જમીનમાં ખેતી થતી હતી. તેમજ પાનમ પાણી પુરવઠા જૂથ યોજના અંતર્ગત ૫.૩ મિલિયન ઘન મીટર પાણી પીવા માટે રખાયું છે. જેમાં કોઠા યોજનામાં ૨૦ ગામો, પંચમહાલ (પંચામૃત ડેરી), ભુનિંદ્રા યોજના હેઠળ ૫૪ ગામો અને શહેરા શહેરનો સમાવેશ કરવામાં આવ્યો છે. ત્યારે છેલ્લા ૩ વર્ષથી ડેમના ૧૦ દરવાજામાંથી એક પણ દરવાજો ખોલવામાં આવ્યો નથી.પાનમ ડેમના કેચમેટ વિસ્તારમાં ઓછા વરસાદના કારણે ડેમ સંપૂર્ણ ભરાતો ન હોવાથી દર વર્ષે ઓક્ટોબર માસ સુધી ડેમમાં પાણીની આવક આવતી હોવાથી ચાલુ વર્ષ ૨.૫ માસમાં જો ઉપરવાસમાં ભારે વરસાદ નહિ પડે તો ચાલુ વર્ષે પણ પાનમ જળાશય સંપુર્ણ ભરાઈ નહિ તો સિચાંઇના પાણી આપવામાં કંજૂસાઈ કરવી પડશે. પાનમ ડેમમાં પાણીની અછતને લઈને પાનમ કેનાલ આધારિત ૩૬ હજાર હેકટર વિસ્તાર ના ખેડૂતોને સિંચાઈના પાણી વગર રહેવાનો વારો આવે છે. ત્યારે પંચમહાલ જિલ્લાના ગોધરા, કાલોલ અને સાવલી તાલુકાના છેવાડાના વિસ્તારો ના ખેડૂતો નર્મદાનું પાણી પાનમ કેનાલમાં આવપાવામાં આવે તેવી માંગ સરકાર પાસે કરી રહ્યા છે.

## પાનમ જળાશયને કોઈની નજર લાગી

પાનમ જળાશયને કોઈની નજર લાગી હોય તેમ છેલ્લા ૩ વર્ષથી ડેમના ૧૦ દરવાજામાંથી એક પણ દરવાજો ખોલવામાં આવ્યો નથી.પાનમ ડેમના કેચમેટ વિસ્તારમાં ઓછા વરસાદના કારણે ડેમ સંપૂર્ણ ભરાતો ન હોવાથી ડેમના દરવાજા છેલ્લા ૩ વર્ષથી ખુલ્યા નથી.ડેમના ઉપરવાસ એવા લીમખેડા, ધાનપુર, બારીયા વિસ્તારમાં સારો વરસાદ પડતાં વર્ષ ૨૦૧૯ માં ૬૦૦ મી.મી વરસાદ વરસ્તા ડેમ ૧૦૦ ટકા ભરાયો હતો ત્યારે ડેમના ચાર ગેટ ખોલવામાં આવ્યા હતા. પણ ત્યાર બાદ વર્ષ ૨૦૨૦, ૨૦૨૧ તથા ૨૦૨૨ માં કેચમેટ વિસ્તારમાં સરેરાશ ૩૮૦ મી.મી વરસાદ નોધાતા ડેમમાં ૫૦ ટકા જેટલો જ ભરાવાથી ડેમના ગેટ ૩ વર્ષથી ખુલ્યા નથી. ત્યારે ચાલુ વર્ષ ડેમમાં અત્યાર સુધી ૫૦૦ મી.મી વરસાદ પડતાં હાલ ડેમ ૫૨ ટકા ભરાયો છે.

## કેનાલ માટે મહામુલી જમીન આપનાર ખેડૂતોની આશાઓ પર પાણી ફરી વળ્યું

પાનમડેમ માંથી અંદાજીત ૨૦ વર્ષ અગાઉ ગોધરા તાલુકાના ટીંબા અને આજુબાજુના ગામમાં ખેડૂતોને સિંચાઈ સુવિધા પૂરી પાડવા માટે મુખ્ય કેનાલ માંથી પેટા કેનલનું નિર્માણ કરાયું હતું જેથી આ વિસ્તારના દશ ગામના ખેડૂતોમાં ખૂબ ખુશી વ્યાપી હતી. પરંતુ ખેડૂતોની તમામ આશાઓ ઠગારી નીવડી અને સિંચાઈ વિભાગ દ્વારા આ વિસ્તારને ટેલ વિસ્તાર જાહેર કરી દેવાયો જેથી ખેતરો માં થઈ પસાર થતી કેનાલ શોભાના ગાંઠિયા સમાન બની બિસમાર હાલતમાં ફેરવાઈ ગઈ. બીજી તરફ અહીંથી નર્મદાની મુખ્ય કેનાલનું નિર્માણ કાર્ય શરૂ થયું અને જેમાં ખેડૂતોની મહામૂલી જમીન સંપાદિત કરવામાં આવી ત્યારે ખેડૂતોએ સહેજ પણ વિરોધ વિના પોતાની બચેલી અન્ય જમીનમાં સિંચાઈ માટે પાણી મળવાની આશાઓ સાથે સરકારે જે વળતર ચુકવ્યુંએ સ્વીકારી જમીન આપી દીધી હતી.પરંતુ અહીંના ખેડુતોની આ આશાઓ ઉપર પાણી ફરી વળ્યું અને સિંચાઈ માટે પાણી મળી શક્યું નહિ. બીજી તરફ અહીંના ખેડૂત પ્રતિનિધિઓએ સરકાર પાસે નર્મદા કેનાલ માંથી સિંચાઈ માટે પાણીની માંગણી કરતાં સંલગ્ન વિભાગે તેઓનો વિસ્તાર પાનમ કમાન્ડ એરિયામાં આવતો હોવાનું જણાવ્યું હતું જેથી ખેડૂતોએ પાનમ સિંચાઈ વિભાગે પોતાના વિસ્તાર ને ટેલ વિસ્તાર જાહેર કર્યો હોવાની હકીકતથી પુરાવા સાથે સરકારને રજુઆત કરી નર્મદા કેનાલ માંથી બક નળી વડે પાનમની પેટા કેનાલમાં પાણી આપવા માટે માંગણી કરી હતી જે માંગણી હજી પણ ટલ્લે ચઢેલી હાલતમાં જોવા મળી રહી છે.

## નર્મદા અને પાનમની મુખ્ય કેનાલ વચ્ચે જોડાણ કરવા માંગ

ગોધરા તાલુકાના વાલૈયા, ઘુસર, હારેડા, વાવડી વિસ્તારના ખેડૂતો કે જેઓ પાનમ ડેમના વિસ્થાપિતો છે તેમને પણ પાનમ ડેમના પાણીનો લાભ મળી નથી રહ્યો. જે ખેડૂતોએ પોતાની મહામૂલી જમીન પાનમ ડેમ બનાવવામાં આપી છે તે જ ખેડૂતોને પાનમ ડેમનું પાણી મળતું નથી. ત્યારે તેઓ માંગ કરી રહ્યા છે કે નર્મદાની મુખ્ય કેનાલ અને પાનમની મુખ્ય કેનાલ વચ્ચે જોડાણ કરીને નર્મદાનું પાણી પાનમ કેનાલમાં આપવામાં આવે તો ખેડતોને સિંચાઈનું પાણી મળી રહે તેમ છે.

# ગોધરાની અંબિકા નગર સોસાયટીમાં ગટર લાઈન અને રસ્તાની સમસ્યાથી પરેશાન રહીશો દ્વારા પાલિકા પ્રમુખ અને ચીફ ઓફિસરને રજુઆત

ગોધરા,

ગોધરા એસ.આર.પી. નગર સામે આવેલ અંબિકાનગર સોસાયટી વિસ્તાર નગર પાલિકામાં આવતો હોય છેલ્લા ૧૭ વર્ષથી સોસાયટી બનેલ હોય તેમ છતાં ભુર્ગભ ગટર લાઈનની વ્યવસ્થા કરાઈ નથી. આ વિસ્તારનું ગંદુ પાણી ખુલ્લામાં નિકાલને લઈ રોગચાળાના ભય સંતાવી રહ્યો હોય ત્યારે ગટર લાઈન અને સીસી રોડ બનાવવામાં આવે તેવી માંગ સાથે પાલિકા પ્રમુખને લેખિત રજુઆત કરાઈ.



ગોધરા એસ.આર.પી. નગર સામે આવેલ અંબિકાનગર સોસાયટી છેલ્લા ૧૭ વર્ષથી બનેલ છે. આ સોસાયટીમાં ૪૦૦ જેટલા મકાનો બનાવેલ છે. આ સોસાયટી નગગર પાલિકા વિસ્તારમાં આવે છે. આ સોસાયટીમાં ભુર્ગભ ગટર લાઈનની વ્યવસ્થા કરાઈ નથી. જેને લઈ ઘર વપરાશનું ગંદુ પાણી ખુલ્લામાં નિકાલ થઈ રહ્યો છે. ખુલ્લામાં ગંદાપાણીનો નિકાલ થતો હોવાથી ગંદકીનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે. ગંદાપાણીનો નિકાલને લઈ મચ્છરોના ઉપદ્રવ વધ્યો છે. રોગચાળાના ભય પણ સતાવી રહ્યો છે. ત્યારે આ સોસાયટીમાં ગંદાપાણીના નિકાલ માટે ગટર લાઈનની સુવિધા ત્વરીત કરવામાં આવે અંબિકાનગર સોસાયટી બની ત્યારથી કબીર મંદિર બાજુમાં સોસાયટીમાં જવાનો રસ્તો કાચો અને ખાડાવાળો છે. પાકો રોડ બનાવવામાં આવ્યો નથી. જેને લઈ કાચા રોડ ઉપર પાણી ભરાય તો અવરજવરમાં રહિશોને મુશ્કેલીઓ વેઠવી પડે છે. ત્યારે કબીર મંદિરની બાજુમાં થઈ સોસાયટીમાં જતો રસ્તો આર.સી.સી. બનાવી આપવાની માંગ કરાઈ છે. અંબિકા સોસાયટીના રહિશો દ્વારા પાલિકામાં ગટર લાઈન અને આર.સી.સી.રોડ માટે લેખિત અને મૌખિક અનેક રજુઆતો કરાઈ હોવા છતાં પગલા ભરવામાં નહિ આવતા અંબિકા સોસાયટીના રહિશો દ્વારા ગોધરા પાલિકા પ્રમુખ અને પાલિકા ચીફ ઓફિસરને લેખિત રજુઆત ગટર લાઈન અને આર.સી.સી.રોડની વ્યવસ્થા આપવાની માંગ કરી છે.

# કાલોલના સમાગામે જુગારધામ ઉપર રેડ કરાવ્યાની આશંકાએ ગામના રહીશ ઉપર ગંભીર હુમલો કરતાં ફરિયાદ

કાલોલ,

કાલોલ તાલુકાના સમાંગામમાં ગત દિવસોમાં ખુલ્લા ખેતરોમાં ટોળુંવળી જુગાર રમતાં નવ આરોપીઓ વિરૂદ્ધ કાલોલ પોલીસે ફરીયાદ નોંધી હતી. જે નવ આરોપી માંનાં એક આરોપીએ પોલીસ રેડની શંકારાખી ગામના એક નાગરીક પર તિક્ષન હથીયાર (છરા) વડે હુમલો કરી જમીન પર પાડી માથાનાં ભાગે છરોમારી દેતાં માથાનાં અને હાથનાં કોણીનાં ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી હોવાની ફરીયાદ કાલોલ પોલીસ સ્ટેશનમાં નોંધાય છે.

કાલોલ તાલુકાના સમાગામમાં રહેતાં મનહરસિંહ અમરસિંહ ચાવડા (ઉ.વ.૬૫) નાં ઓએ કાલોલ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલ ફરીયાદનાં આધારે ગત ૧૫ ઓગસ્ટના રોજ સમાગામના જુગાર રમતાં આરોપીઓને કાલોલ પોલીસે ગામની સીમમાં આવેલાં ખુલ્લા ખેતરોમાંથી નવ ઈસમોને પાનાપતાનો હારજીતનો જુગાર રમતાં ઝડપી પાડી કાલોલ પોલીસ સ્ટેશનને ફરિયાદ નોંધી હતી. જેની શંકાના આધારે ગામના વિજય ઉર્ફે બાબુ જશવંતભાઈ સોલંકી નાંઓએ ૧૮ ઓગસ્ટ નાં સાંજે અંદાજીત ૫ઃ૦૦ વાગ્યાની આસપાસ મનહરભાઈ નાં ફોન.નં. ૮૧૪૦૪૬૪૬૪૨ ઉપર ફોન કરી નામ પૂછતાં મનહરભાઈએ નામ અને કામ પૂછતાં આરોપી એ ફોન કટ કરી દિધો હતો. તા.૧૯ ઓગસ્ટના રોજ મનહરભાઈ ગામની સીમમાં આવેલા ખેતરોમાં તેમની પાસેની મોટર સાઈકલ લઈને ખેતરેથી ખેતરનું કામ પુર્ણ કરી ઘરે પરત ફરતા ભાદરોલી રોડનાં નાકા પાસે રસ્તામાં ગામના વિજય ઉર્ફે બાબુએ મનહરભાઈને રોકી ઊભા કરી દિધો હતો. અને હાથમાં છરો લઈ આવેલ આરોપી કહેતો હતો કે તમે ચાર પાંચ દિવસ પહેલા તમોએ પોલીસ ને જાણ કરી અમોને જુગાર રમતાં પકડવ્યા હતાં અને અવાર નવાર અમારા ઘેર પણ પોલીસ રેડ કરવવાનું જણાવી મોટર સાઈકલ પર સવાર મનહરભાઈ ને ધક્કો મારતા મનહરભાઈ જમીન પરનાં રોડ પર પડી જતાં તેમનાં હાથનાં કોણીનાં ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. જ્યારે જમીન પર પડેલ મનહરભાઈ ઊભા થવા જતાં વિજય ઉર્ફે બાબુ એ પોતાનાં હાથમાં લઈ આવેલ તિક્ષણ હથીયાર (લોખંડનો છરો) માથાનાં ભાગે મારી લોહિલુહાણ કરી દેતાં બુમાં બુમ કરતાં પાસેનાં ખેતરોમાં કામ કરતાં લોકો દોડી આવ્યાં હતાં. જેમને વિજય ઉર્ફે બાબુ ને સમજાવી ઘરે મોકતા હતાં ત્યારે આરોપીએ જતાં જતાં જાનથી મારી દેવાની ભમકીઓ આપી હતી.જોકે આસપાસના લોકો આવી પોહચ્યાં હતાં. ઈજાગ્રસ્તને માથાનાં અને હાથના ભાગે ગંભીર જાઓ જણાતા તત્કાલીન મોટરસાઈલ પર દવા સારવાર માટે કાલોલ રેફરલ હોસ્પિટલમાં સારવાર હેઠળ ખસેડવામાં આવ્યાં હતાં. જોકે ઈજાગ્રસ્તને ગંભીર ઈજાઓ પહોંચતા કાલોલ તબીબ દ્વારા વધુ સારવાર માટે વડોદરા ખસેડવામાં આવ્યા હતા. જેઓને ત્યાંના તબીબ દ્વારા હાથના કોણી ભાગમાં ઈજાઓથી ક્રેકને કારણે ઓપરેશન કરવું અને માંથાણા ભાગે ગંભીર ઈજાઓથી ટાંકા લીધા હતા. હાલ તેઓને સારવાર અર્થે રાખવામા આવ્યા હોવાની કાલોલ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંઈ છે. જેની તપાસ કાલોલ પોલીસે હાથ ધરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# ગોધરા પાલિકાના વોર્ડ નં.૭ના સભ્યએ કૌટુંબિક કારણથી રાજીનામું આપ્યું

ગોધરા,

ગોધરા નગર પાલિકાના વોર્ડ નં.૭ના સભ્યએ કૌટુંબિક કારણોસર સભ્યપદેથી રાજીનામું આપ્યું અને રાજીનામું મંજુર કરવા અપીલ કરી. ગોધરા નગર પાલિકા વિસ્તારના વોર્ડ નં.૭ માંથી ચુંટાઈ આવેલ મો.ફેસલ એ સુજેલા પોતાના કૌટુંબીક કારણોસર પાલિકા સભ્ય પદેથી રાજીનામું આપવા માંગતા હોય જેથી સભ્ય દ્વારા પાલિકા પ્રમુખને રાજીનામું લખીને રાજીનામું મંજુર કરવા આપીલ કરી છે. સભ્યપદ થી વોર્ડ નં.૭ના સભ્યે રાજીનામું ધરી દેતાં વોર્ડ વિસ્તારના રહિશોમાં ચર્ચાનો વિષય બન્યો છે.

# કાલોલ ઉર્દૂ પ્રાથમિક શાળામાં ૭૭ માં સ્વાતંત્ર્ય દિવસ તેમજ પ્રતિભાશાળી શિક્ષક એવોર્ડ કાર્યક્રમની ભવ્ય ઉજવણી

કાલોલ,

કાલોલ તાલુકાની જાણીતી શાળા કાલોલ ઉર્દૂ પ્રાથમિક શાળા ખાતે ૧૫ ઓગષ્ટ ૨૦૨૩ના રોજ ૭૭માં સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં મહેમાન તરીકે કાલોલ તાલુકાના BRC, CRC, અબ્દુર રઝાક ઘાંચી (ઘાંચી સમાજના પ્રમુખ), એસ.એમ.સી. સભ્યો તેમજ વરિષ્ઠ નાગરિકો સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે BRC અને CRC દ્વારા બાળકોમાં દેશપ્રેમની ભાવનાનું સિંચન થાય એવા પ્રવચન આપવામાં'આપવામાં આવ્યા હતા.

રાજ્યની પ્રાથમિક શાળામાં ઉત્તમ શૈક્ષણિક કાર્ય કરતા અને શાળાકીય સહઅભ્યાસિક પ્રવૃત્તિ, નાવિન્યપૂર્ણ પ્રયોગો, સામાજીક યોગદાન વગેરેમાં ઉત્સાહપૂર્વક સક્રિય હોય તેવા મુખ્ય શિક્ષક કે પ્રાથમિક શિક્ષકને પ્રોત્સાહન મળી રહે તેવા ઉમદા હેતુથી મુખ્ય શિક્ષક કે પ્રાથમિક શિક્ષકને ''પ્રતિભાશાળી શિક્ષક પ્રમાણપત્ર'' આપવાની યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. જેમાં કાલોલ કુમાર કાલોલ કલસ્ટરમાં કાલોલ ઉર્દૂ શાળાનાં શિક્ષક આલમ કાસિમ ને પ્રતિભાશાળી શિક્ષક તરીકે પસંદ કરવામાં આવ્યા.

કાર્યક્રમને અંતે શાળાના આચાર્ય હારૂન દ્વારા પધારેલ મહેમાનોનું શાળાના એસ.સી.સી.સભ્યો તેમજ શાળા પરિવાર વતી આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.

# દેવરાજ ઈન્સ્ટીટ્યુટ ઓફ સોશ્યલ વર્ક બેઢિયા(વેજલપુર) ખાતે NGO સાથે કરાર (MOU) કરવામાં આવ્યા



ગોધરા,

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન દિવ્ય દષ્ટિ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત દેવરાજ ઈન્સ્ટીટ્યુટ ઓફ સોશ્યલ વર્ક બેઢીયા કોલેજમાં નિરાંત ચેરીટેબલ ટ્રસ્ટ તથા શ્રી દુર્ગા વિકાસ મહિલા મંડળ, વેજલપુર સાથે MOU (MEMORANDUM OF UNDERSTANDING) કરાર કરવામા આવ્યા. જેનો મુખ્ય હેતુ તાલીમ, સંશોધન, ક્ષેત્રકાર્ય તથા શૈક્ષણિક-સંશોધનાત્મકનો આદાનપ્રદાન કરવાનો અને વિકસાવવાનો છે. દેવરાજ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સોશિયલ વર્કના કોલેજના મેનેજીંગ ડાયરેક્ટર ધવલસિંહ પરમાર આવેલ મહેમાનોનું સ્વાગત કર્યુ હતું. કેમ્પસ ડાયરેક્ટર શૈલેષભાઈ ચૌધરી જણાવ્યું કે, આ સંસ્થા ૨૦૧૮ થી તાલીમાર્થીઓ માટે સોશિયલ વર્કની સેવા આપી રહ્યું છે. ખુબ જ ઓછા તાલીમાર્થીઓ થી શરૂ થયેલી સંસ્થા આજે હજારો તાલીમાર્થીઓ માટે વટવૃક્ષ સમાન ઊભી થઈ ભાવી ઘડતર ઉપયોગી તથા સામાજીક કાર્યોની પ્રેરણા પુરી પાડી છે. શ્રી દુર્ગા વિકાસ મહિલા મંડળ થી પધારેલ રાધાબેન એ જણાવ્યું કે, શ્રી દુર્ગા વિકાસ મહિલા મંડળ આજના સમાજમાં નારીની જાગૃતિ, કુરીવાજોની નાબુદી તથા મહિલાઓ સાથે ગૃહ ઉદ્યોગનું કાર્ય કરી સમાજ સેવાનું કાર્ય કરે છે. સંસ્થાના એજ્યુકેશન ડાયરેક્ટર ડો. ગીરીશકુમાર ચૌહાણે કાર્યક્રમની પુર્ણાહુતી કરતાં પધારેલ મહેમાનો, પ્રધ્યાપકો તથા વિદ્યાર્થીઓનો આભાર વ્યકત કર્યો હતો. આ કાર્યક્રમમાં કોલેજના મેનેજીંગ ડાયરેક્ટર ધવલસિંહ પરમાર તથા સચિનસિંહ પરમાર કેમ્પસ ડાયરેક્ટર, એજ્યુકેશન ડાયરેક્ટર ડો.ગીરીશકુમાર ચૌહાણ તથા કોલેજના આચાર્ય મનોજભાઈ પરમાર તથા સ્ટાફ અને વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં સફળ સમજૂતી કરાર કરવામાં આવ્યા અને કાર્યક્રમને સફળ બનાવ્યો.

# ગોધરા તાલુકાના ટુવાના વ્યકિતને સોશિયલ મિડીયા ઉપર ગાયો આપી ખરીદી કરવાનું કહી બે ઠગોએ ૬૩ હજારની ઠગાઈ કરતાં કાંકણપુર પોલસી મથકે ફરિયાદ

ગોધરા,

ગોધરા તાલુકાના ટુવા ખાદી ફળીયામાં ફરિયાદીને બે આરોપીઓ ફેસબુક તથા વોટસએપમાં ગાયોની ખરીદી કરવાની લાલચ આપી હતી અને સ્કેનર તથા મોબાઈલ નંબર ઉપર કુલ ૬૩,૧૦૦/-રૂપીયા ટ્રાન્ઝેકશન કરાવી છેતરપિંડી કરી ગુન્હો કર્યાની ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા તાલુકાના ટુવા ખાદી ફળીયામાં રહેતા હરીશભાઈ મથુરભાઈ મછારને તા.૭/૮/૨૦૨૩ ટુવા ફાટક ચોકડી પાસે બે આરોપીઓ રાકેશ કનુભાઈ પટેલ (રહે. આણંદ અશોક ચોક રૂરલ, આણંદ), સોનુકુમાર કુલચંદ જાટ (રહે. જયરામપુર, જયપુર, રાજસ્થાન) ભેગા મળી કાવતરું રચ્યું હતું અને હરીશભાઈ મછારના ફેસબુક તથા વોટસએપમાં ગાયોની ખરીદી કરવાની લાલચ આપી હતી અને આરોપીઓએ હરીશભાઈને સ્કેનર તથા મોબાઈલ નંબર આપીને પૈસા નાખવાનું કહ્યું હતં અને આરોપીઓના એકાઉન્ટમાં અલગ-અલગ કુલ ૬૩,૧૦૦/- રૂપીયાનું ટ્રાન્ઝેકશન કરાવી ગાય ખરીદી કરી ઘરે મોકલી આપવાની લાલચ આપી વિશ્વાસઘાત છેતરપિંડી કરતાં આ બાબતે કાંકણપુર પોલીસ મથકે બે આરોપીઓ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવા પામી છે.

# વેજલપુર-સુરેલી રોડ પાણીની ટાંકી પાસે ચાલતા જતા રાહદારીને બાઈક આવેલ બે ઈસમો રોકડ અને મોબાઈલની લુંટ કરી ફરાર

ગોધરા,

કાલોલ તાલુકાના વેજલપુર-સુરેલી રોડ ઉપર પાણીની ટાંકી પાસેથી પસાર થતાં રાહદારીને બાઈક ઉપર આવેલ ઈસમોએ પકડીને પેન્ટના ખીસ્સા માંથી મોબાઈલ ફોન અને રોકડ મળી કુલ ૨૨,૦૦૦/- રૂપીયાની લુંટ કર્યાની ફરિયાદ નોંધાવા પામી છે. પ્રાપ્ત વિગતો મુજબ કાલોલ તાલુકાના વેજલપુર-સુરેલી રોડ ઉપર પાણીની ટાંકી પાસેથી કમલેશભાઈ વિનુભાઈ નાયક ચાલતા જઈ રહ્યા હતા. ત્યારે બાઈક ઉપર આવેલ બે ઈસમોએ કમલેશભાઈને રોકીને પકડી પાડયો હતો અને ગાળના ભાગે પકડી બાઈક પાછળ બેઠેલ ઈસમે કમલેશભાઈના ખીસ્સા માંથી ઓપ્પો કંપનીના મોબાઈલ ફોન તેમજ રોકડ ૧૨,૦૦૦/-રૂપીયા મળી કુલ ૨૨,૦૦૦/-રૂપીયાની લુંટ કરી નાશી છુટતા આ બાબતે વેજલપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# ગોધરાના ગોલ્લાવ ખાતે ખેડૂત શિબિર-વ-નિદર્શનનું આયોજન કરાયું



ગોધરા,

ખેતીમાં થતા ખાતરના વધારે પડતા અને આડેધડ ઉપયોગથી ખર્ચને ઘટાડવા તથા ખાતરની જરૂરીયાતને ધ્યાને રાખીને આજરોજ ગોધરા તાલુકાના નવલસિંહની મુવાડી, ગોલ્લાવ ખાતે ખેતીમાં નેનો યુરિયા અને નેનો ડી.એ.પી.ના વપરાશ અર્થે અઠવાડિક ખેડૂત સંમેલનની ઝુંબેશરૂપે ખેડુતોમાં જાગૃતિ આવે તેના ભાગરૂપે ખેતીવાડી,વિસ્તરણ શાખા અને આત્મા પ્રોજેક્ટ, પંચમહાલના સહયોગથી ખેડૂત શિબિર-વ-નિદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું.

નેનો યુરિયા અને નેનો ડી.એ.પી.ના વપરાશનું મહત્વ અને તેને વાપરવાની રીતની સાથે વિવિધ વિષયો જેવા કે આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષની ઉજવણી નિમિત્તે મિલેટનું મહત્વ, રોજબરોજના આહારમાં તેનો ઉપયોગ, દેશી ગાય આધારિત પ્રાકૃતિક કૃષિનું મહત્વ અને તેના પાંચ આયામો, દવા અને ખાતરનો ખેતી કામમાં વપરાશ માટે નવીન ડ્રોન ટેકનોલોજીનો ઉપયોગ કરી સમય અને ખાતર/દવાનો બચાવ, ખેતીવાડી ખાતાની વિવિધ ખેડૂતલક્ષી સહાય યોજનાઓ વિશે ઉપસ્થિત ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ તકે ઉપસ્થિત ખેડૂતોને પ્રગતિશીલ ખેડૂત ગજેન્દ્રસિંહ પરમારના ડાંગરના ખેતરમાં ડ્રોનના ઉપયોગથી નેનો યુરિયા અને નેનો ડી.એ.પી.ના છંટકાવ બાબતે પ્રત્યક્ષ નિદર્શન કરાયું હતું.ગ્રામસેવક એચ.ડી.બારીયા અને મતી બી.સી.ડામોર દ્વારા નિદર્શન કરાયું હતું.

આ શિબિરમાં નાયબ ખેતી નિયામક વિસ્તરણ શાખા એ. કે. સોનારા, મદદનીશ ખેતી નિયામક એમ.કે. ડાભી, ખેતી અધિકારી જે.બી. પટેલ, એસ.ડી.મુનીયા,આત્મા પ્રોજેક્ટ બીટીએમ વિશાલ શાહ, વિસ્તરણ અધિકારી ખેતી એસ. બી. પટેલ, ઈફકો કંપનીના ગોધરા ડેપોના આદિલ મલિક સહિત મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. તેમ જીલ્લા ખેતીવાડી અધિકારી પંચમહાલ દ્વારા એક અખબારી યાદીમાં જણાવ્યું છે.